


કુમાર
અંક ૨૨
ઉગતી પ્રજાનું માસિક
વર્ષ ૨
આસો અંક ૧૦
૧૯૮૧
તંત્રી
રવિશંકર રાવળ



કુમાર
આસો
૧૯૮૧

જે જનનીને ખોળે ઉછળે ચેતનની લીલાનાં હાસ્ય,
તે ભારતદેવીને ચરણે ધરે સંતતિ રસ-સૌભાગ્ય.

ચિત્રકાર
રવિશંકર રાવળ

કુમાર પ્રિન્ટરી
:: અમદાવાદ



બત્રીશલક્ષણો

ભારતની રાસેશ્વરી ગરબે ઉતરી છે. પણ ગરબીનો ચોક ખાલી છે; રાસ અને છંદ મુંગા છે; કોટિ દીવા નિસ્તેજ બળે છે! ભરતગોત્રના ઓ કૌમારવ્રતીઓ! રાષ્ટ્રની નવરાત્રિ તમે જાગશો કે?

લક્ષચંડીનો આ હોમ છે ને જગદંબા ભોગ માગશે. પણ શક્તિમાતાને માઇકાંગલાઓનાં હવિ ન હોય: એને તો નવલોહ્યા બત્રીશલક્ષણાઓ જોઈશે.

વજ્રકછોટો ભીડી જે આકાશ વળુંધે, સાગર કુદે, પાતાળ વીંધે; મધરાતના ખડક ઉપર જેનો પ્રાણદીપ દીવાદાંડી શો અડોલ ઉભે; વધેરાવા જે સદા તૈયાર — સદા ખડો રહે . . . એવો એ બત્રીશલક્ષણો હશે.

પ્રત્યેક હીંદી માબાપ! દશરથે જેમ રામ દીધો તેમ પહેલો બાળક દેશને ધરો. ભારતને એકએક બત્રીશલક્ષણો ચડાવો. તમારૂં એ રાષ્ટ્રઋણ છે. ભારત આજ પોતાના પ્રત્યેક ભરતપુત્રનું આવાહન કરે છે.

એકદા આર્યાવર્તનો ઘંટારવ ઘોરશે, શંખનાદ ગાજશે, રણશીંગાં ફુંકશે અને આ કેસરીઆ કુમારો કુચકદમ ઉપડશે, ત્યારે ભવાનીનું ત્રિશૂળ રંગાશે, ખપ્પર ભરાશે; . . .

. . . ત્યારે ઘટાટોપ અંધકાર ફીટશે. સારા હીંદ—સ્વરાજ્યની દીપમાળ પ્રગટશે; . . .

. . . અને—અને એ ચિરંજીવી બત્રીશાઓની લોહીતરબોળ માટી લઈ ભારતવિધાત્રી એક નવો જ ભરતખંડ કલ્પતી હશે.

વિરાટકાય જે રાષ્ટ્ર સમ્રાટે ભરતે સર્જ્યો;
સૂર ને સોમપુત્રોએ મહાપ્રાણથી ઉદ્ધર્યો:
જેહના મોક્ષનિર્માણે ચઢે બત્રીશલક્ષણા;
જય હો – જય હો! એવા ભાવિ ભારતવર્ષના.

દેશળજી પરમાર



દીવાળી આવી

એટલે દુનીઆ, સ્વાભાવિક રીતે જ, થોડા વખત માટે તો બધાં દુઃખો વિસારી જઈ આસાયેશ અને આનંદની શોધ જુએ છે. ખરેખર, પ્રજાને નવા પ્રાણ આપનાર ઉત્સવો જ છે.

આપણા હાલના ભણતરે ઉત્સવો ઉપરથી આપણી પ્રીતિ સદંતર ઉઠાડી લીધી હતી, પણ રાષ્ટ્રીય હીલચાલને પરિણામે નવયુવકો અને શિક્ષિત માણસો ઉત્સવોના સમુદ્ધાર કરવા મહેનત કરી રહ્યા છે, અને તેમના પ્રયત્નોનાં સુંદર પરિણામો અત્યારે ઉગતી પ્રજા ઘણે ઠેકાણે ભોગવી પણ રહી છે.

નવરાત્રીના દિવસો માત્ર બૈરાંઓના જ કે ગામડીઆ અભણ માણસોના જ ઉત્સવ બની રહેતા એ જોઇ મને અપાર દિલગીરી થતી હતી. પણ હમણાં શ્રીદક્ષિણામૂર્તિ ભવને નવરાત્રીની બધી યે રાત્રીએ ઉત્સવ કરવાનું નક્કી કર્યું. શિક્ષકો અને શિષ્યો પરસ્પરનો જ્ઞાન અને ઉમરનો ભેદ ભુલી એક સાથે નાચ્યાં કુદ્યાં, રાસ લીધા, ચિત્રવિચિત્ર વેશ ભજવ્યા નાટ્યપ્રયોગો કર્યા અને અવનવો આનંદ લીધો. એ જોઇ મને થયું કે આ રાત્રીઓ દેશઆખામાં મોટા અપૂર્વ ઉત્સવ તરીકે પાળી શકાય.

બંગાળામાં તો બધે જ નવરાત્રી 'દુર્ગામહોત્સવ' મનાય છે ને આપણી દીવાળી જેટલા જ ઉત્સાહ અને ખર્ચથી તે ઉજવાય છે. એ દિવસોમાં સંગીત, કલા, આનંદના જલસા ઇ. જાતજાતની પ્રવૃત્તિઓ તેઓ ખીલવે છે અને પ્રજાની તમામ કોમો એકપ્રાણ થઇ પ્રફુલ્લ બને છે. મહારાષ્ટ્રમાં આ જમાનામાં ગણપતિ-ઉત્સવો પણ એવી જ મહત્તા પામ્યા છે, અને ગમે તે મહારાષ્ટ્રી ભાઈ ગમે

પારકાના દોષ કાઢવામાં આપણે એટલા બધા મશગુલ થઈ જઇએ છીએ કે પોતાના દોષ જોવાની આપણને ફુરસદ નથી મળતી.

તે ઠેકાણે એ દિવસોનો ઉત્સવ બીજી કોમો જોઇ રહે એટલા ઠાઠથી ઉજવે છે.

ગુજરાતને નવરાત્રી અનેક પેઢીઓથી મળી છે છતાં તેનો પ્રચાર અને ઉત્સવ અત્યાર સુધી એકતરફી જ થતો આવ્યો છે. નવપ્રાણપ્રફુલ્લ ઉગતી પ્રજા તેમાં જોડાય તો તેનો વૈભવ અને દીપ્તી ઓર વધી જાય. મહોલ્લેમહોલ્લે મંડપો બાંધ્યા હોય, તેના શણગાર મહોલ્લાનાં છોકરાંઓનાં સૈન્યે રાતોરાત તૈયાર કર્યા હોય, રાત્રે દીવાની ઝાકઝમાળમાં નવચેતનભર્યાં કુમારકુમારીઓ માતાજીના ગીત, રાસ વગેરે ગાઈ નાચી પૃથ્વી ધ્રુજાવતી રહ્યા હોય એ ચિત્ર કોને નહિ ગમે?

દીવાળીનો ઉત્સવ

સાર્વજનિક પ્રકારનો છે. દીવાળી નગરનો ઉત્સવ છે—આખા સમાજનો ઉત્સવ છે: એટલે તેમાં ઉગતી પ્રજા તો ઘણો આગળપડતો ભાગ લઇ શકે.

પોળનાં છોકરાંઓ એકઠાં થઇ પોતાની પોળ કે શેરી સાફ કરી સુઘડતા અને કલાનો પ્રચાર કરવામાં ઘણું કરી શકે. શેરી કે પોળના આનંદ અને વિકાસને માટે કોઇ પોતાની ઓસરીમાં નાનકડું પ્રદર્શન કરે, અને વૃદ્ધો, સ્ત્રીઓ બાળકો વગેરેને બતાવે તથા સમજાવે. તેઓ નાના નાટ્યપ્રયોગો કરી પોળઆખીનાં માણસોમાં સંસ્કાર અને ઐક્યની ભાવના લાવી શકે.

ગામના વિદ્યાર્થીઓ દીવાળીના ઉત્સવમાં ભેગા થઇ રાસ, ગીત, ભાષણ, વાંચન, અભિનયપ્રયોગો તમાશા વગેરે બતાવે, અને એમ અનેક રીતે ગામનો સહચાર વધારે. મનુષ્યોમાં પરસ્પર સદ્ભાવ અને સમભાવ વધે તો ઘણી યે અધરી બાબતોનો જલદી નીકાલ થાય તથા ઘણી સમજાવટપતાવટ સહેલાઇથી થાય; પરિણામે કલેશ અને કાયદાબાજી ઓછાં થાય.

આ જમાનામાં નાનેરાંઓ અને મોટેરાંઓનું ઉઠવું બેસવું એક જ ઠેકાણે ભાગ્યે જ હોય છે: તેથી જુવાનો અને મોટાઓ વચ્ચે મતભેદ બહુ વધી પડયો છે. પણ ઉગતી પ્રજા આવા ઉત્સવો વખતે કંઇ ને કંઇ મીશે વડીલોને પોતાનાં મંડળોમાં ખેંચી લાવી પોતાનાં ઉત્સાહી સરળ દિલના ભાવ બતાવે તો મોટેરાંઓને ગળી જતાં વાર નહિ લાગે; અને પરિણામે તેઓ સત્વર તેમની શુભેચ્છા, શકિત, વગ, સાધન કે ધન ઉગતી પ્રજાની ઉન્નતિમાં આપવા જરૂર ઇચ્છા કરશે.

જુવાનો તમને!

'કમનસીબ છે આપણું કે આપણે ત્યાં કેળવાએલા વર્ગનું ધ્યાન મજુરી જેવા ગણાતા છાપખાનાના ને ચોપડીઓ બાંધવાના ધંધા તરફ બીલકુલ ખેંચાયું નથી; તેમ જ, નથી આપણા દેશમાં એવી એકેય સંસ્થા, કે જ્યાં આ ધંધાના પારંગત માણસો તરફથી ઉગતી પ્રજાને તેનું શિક્ષણ મળે'

યુરોપ-અમેરિકામાં દસ વરસ સુધી એ ધંધાઓનો—અને છાપખાનાના ધંધાનો ખાસ અનુભવ લઇ આવેલા બી. એન. દાસગુપ્તાએ ઉપલા શબ્દો 'ઇ. ડેલીમેલ'ના પ્રતિનિધિને કહ્યા છે. એ કહે છે કે હિંદુસ્તાનમાં કેનો

વેસ્ટ, ચીથરાં, જુના કાગળ, ઘાસ, વાંસ વગેરેની એટલી ઉત્પન્ન એળે જાય છે કે એમાંથી કાગળ બનાવવનો ઉદ્યોગ આદરી ખીલવીને આખા હિંદુસ્તાનને પુરો પડી શકે તેટલો કાગળ બનાવી શકાય. છાપવાના સંચાઓમાં પશ્ચિમના દેશો આપણા કરતાં એટલા આગળ વધ્યા છે કે આપણે ત્યાંનું અલ્યરનું બે રૂપીઆની કિંમતનું પુસ્તક માત્ર થોડા આનામાં આપી શકાય. પણ આપણે તો હજી એ જ જુના સંચા, ને એ જ અભણ કારીગરોની મજુરી પર ધંધો ચલાવ્યો છે ! ઉગતી પ્રજાને એમાં પડવાની કશી પરવા છે ?

મજુરીના નામ માત્રથી અભડાતા અને ધોળાં લુગડાંને ડાઘ પડવાની બીકે ચમકતા આપણા યુવાનો જ્યાં લગી મીંઢાંની પેઠે કારકુનીઆ કેળવણીની વેઠ વેંઢાર્યા કરવાના છે ત્યાં સુધી આપણો જયવારો નથી. ખોટી શરમને ફગાવી દઈ કારીગારી અને હુન્નરઉદ્યોગના ધંધામાં પરસેવો ઉતારવા માટે કુદી પડનારા અત્યારે કેટલા જુવાનો તૈયાર છે ? પરદેશથી આણી લાવેલા સંચાઓ અને કાગળો પર છાપેલા આપણા ચોપાનીઆં ને પુસ્તકોના દીવેલા બોજમાં કેટલું બળ હશે ? અભણ કારીગરોની જગ્યાએ શિક્ષિત જુવાનો આવી વળગે તો ધંધાની કેટલી નજીવી મુંઝવણોનો તોડ આણી શકે, નવા સુધારા કરી આપે, ધંધાનો વિકાસ જેમ બને તેમ કરે અને આગળ ધપાવે એનો હીસાબ કાઢ્યો છે ?

આપણી જમીનનો કસ એળે જાય છે, આપણી વનસ્પતિઓ ખીલી ફાલીને કરમાઈ જાય છે, આપણી નીપજો પરદેશ ઘસડાઇ જાય છે, અનેક અણદીઠ આપણી સિદ્ધિ વેડફાઇ જાય છે એનો ઉપયોગ ઉગતી પ્રજા નહિ કરે તો કોણ કરશે ?

આપણે ત્યાં કેટલા રસાયણીઓ, ડિઝાઇનરો, ધાતુના કારીગરો, માટીકામ કરનારા, સલાટો, સુતારો, સ્થપતિઓ, ને ચિત્રકારોના ખ ડા રે જ પડતા જાય છે એનું ભાન ઉગતી પ્રજાને છે ?

જેને હૈયે દાઝ હોય તે ઉપલા સવાલોનો જવાબ ઉકેલે.

ફોટોગ્રાફી હરીફાઇ

માટે 'પોર્ટ્રેટ' જોઇએ એ હજી મોકલનારા નથી સમજતા. જે થોડાં આવ્યાં છે તેમાંથી પસંદગી કરી ઈનામ આવતા માસમાં પ્રગટ થશે.

મોતનો ઉત્સવ

જેને વિષે બીલકુલ શંકા નથી, જેની સોળે આના ખાતરી છે. એવી વસ્તુ જીંદગીમાં કઇ છે ? એક જ : અને તે મોત.

રાજા હો કે રંક, ધરડી કુબ્જા હો કે લાવણ્યવતી ઇન્દુમતી, વાઘ હો કે ગાય, બાજ હો કે કબુતર, મોતના ભેટા દરેકને થવાના જ. હવે સવાલ એ છે કે આ નિશ્ચિત અતિથિનું સ્વાગત કઇ રીતે કરીએ ?

આપણે જેવી રીતે તેને ઓળખીએ તેવી રીતે તેનું સ્વાગત કરવાના. મોતનું સ્વરૂપ ફણસ જેવું છે. ઉપર તો બધે જ કાંટા; પણ અંદરનો સ્વાદ કોણ જાણે ! મોત એટલે કંઈ વિનાશ નથી. મોત એટલે ઘડીકનો આરામ; મોત એટલે બે અંક વચ્ચેનો પડદો; મોત એટલે વાણીના અસ્ખલિત પ્રવાહમાં આવતાં વિરામચિહ્નો. અંગ્રેજ કવિઓ બીજના ચંદ્રને જ્યારે વધાવે છે ત્યારે 'ઘરડા ચંદ્રની બાથમાં આવેલો બાલચંદ્ર' એવું તેનું વર્ણન કરે છે. અમાસ સુધી જુનો ચંદ્ર સુકાઈ જાય છે, ક્ષીણ થાય છે; પણ એ જ ક્ષીણ ચંદ્ર અમાસના આરામ પછી એક બાલચંદ્રને પોતાના ક્ષીણ બાહુમાં ઉચકીને દુનિયાને ભેટ કરે છે. એ જ દર્શન મોતને પણ આપણે આપી શકીએ.

ઘરડો ઠુંઠવાએલો શિયાળો પ્રફુલ્લ નવવસન્તને આંગળીએ ઝાલી લઇ આવે છે એ કેમ ભુલી શકાય ? શિયાળાની કડકડતી ટાઢમાં જ વસન્તના પ્રસવ છે એ વિસર્ય કેમ ચાલે !

દીવાળીને દિવસે વસન્તની અપેક્ષાથી, વસન્તની માર્ગપ્રતીક્ષાથી જો આપણે દીપોત્સવ કરી શકીએ, મિષ્ટાન્નભોજન કરી શકીએ, આનંદમંગળ અનુભવી શકીએ, તો મોતથી આપણે રાજી કેમ ન થઇએ ?

દીવાળી આપણને શીખવે છે કે મોતનાં રોદણાં રે રો ના. મોતને વધાવી લો, મોતમાં જ નવયૌવન આપવાની, નવજીવન આપવાની શક્તિ છે. બીજામાં એ નથી.

દીવાળીનો તહેવાર એ મોતનો ઉત્સવ છે; મોતની વધામણી છે; મોત ઉપરની શ્રદ્ધા છે. નિરાશામાંથી ઉત્પન્ન થતી આશાનું સ્વાગત છે.

રુદ્ર તે જ શિવ : મોત એ જ જીવન.

યમ પોતાની બહેનને ત્યાં જાય : મોત નિત્યનૂતનતાના ઘરમાં ઉત્સવ કરે એ કોને ન ગમે ?

મોત અગ્નિ નથી, પણ રત્નમણિ છે.

દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર

ચંદ્રલોકનાં બાલ

અમે તો ચંદ્રલોકનાં બાલ
　　અમારા શરદચોક વિશાલ:
અમે તો મિઠ્ઠા સૌન્દર્ય મરાલ
　　અમારા તેજકમળના ફાલ.

હોય શોક શું, હોય દુઃખ ત્યાં
　　રમીએ પુનમરાત:
જાદુઇ રજ રૂપેરી વેરી
　　ભણીએ મંત્ર જરાક:
અમે તો રસરંગીલા લાલ
　　અમારા ઉત્સવ-ખેલ રસાલ:

અમે તો ચંદ્રલોકનાં બાલ
અમારા શરદચોક વિશાલ.

હાસ્ય ટીખળ ને તોફાનોના
　　અદ્દભુત મસ્ત પ્રદેશ:

કળા કોડ ને સ્વપ્ન ભરેલા
　　ચિત્ત ભાવિ સંદેશ:
અમે તો પ્રાણતણા પ્રતિપાલ
　　અમારા તરંગ-કલ્પિત તાલ

અમે તો ચંદ્રલોકનાં બાલ
અમારા શરદચોક વિશાલ.

દેશળજી પરમાર

ત્રિખંડપંડિત ભાંડારકર

ગુજરાત—મહારાષ્ટ્રના સંયોગમાં કૈંક ઇશ્વરી સંકેત રહ્યો છે. આજ તેઓ એકમેકની કનેથી ઘણું શીખે છે ને સુમેળ બાંધે છે. સ્વર્ગસ્થ રામકૃષ્ણ ગોપાલ ભાંડારકરનું શુદ્ધ અભ્યાસી જીવન એ નજરે જોતાં ગુજરાતને ખાસ ઉપયોગી છે.

'માર્ગોપદેશિકા' અને 'સંસ્કૃત મન્દિરાન્તઃપ્રવેશિકા'થી સંસ્કૃત શીખવનાર, વિદ્યાર્થીવર્ગને અતિપરિચિત એવા, એ મહારાષ્ટ્રના ગુણસ્વભાવ તથા સંસ્કૃતિના પ્રતિપાળ અને પ્રતિનિધિ, શ્રી ભાંડારકર આપણા સૌના પૂજ્ય ગુરુ છે, આપ્તજન છે, પ્રમાણરૂપ છે.

આર્યાવર્ત એક એવી ભૂમિ છે કે જ્યાં સ્થળસ્થળના ઇતિહાસ અણઓળખ્યા — વણશોધ્યા પડ્યા છે. એ પુરાતત્ત્વનું પ્રખર કાર્ય કરનારા કોઈકોઈ પરદેશી હતા. પણ આપણને એ દટાએલી દોલતનું ભાનસાન નહોતું તે સમે ડૉ. ભાંડારકરે આ શોધખોળખાતાનો માણેકસ્તંભ રોપી દીધો હતો.

એમના જીવનમાં ધર્મભાવના અગ્રપદે વિરાજતી અને તે તેમણે આમરણાન્ત પાળી હતી.

એમનું જીવન શીખવે છે કે આજના બુદ્ધિપ્રધાન રજોગુણી જમાનામાં બાળકોને કુટુંબમાં જો ધાર્મિક વાતાવરણ નહિ મળે તો તેઓ મોટપણે પોતાના ચારિત્ર્યના ઘડતરમાં—ઇશ્વરી ભાનમાં ઘણી મુશ્કેલી ભોગવશે.

પણ 'જુનું તેટલું સોનું' ગણવા જેવું સાંકડું તેઓનું મન નહોતું. આથી શ્રી ભાંડારકર 'જુના અને નવા'ની મણિસાંકળ થઈ શક્યા. સર્વથા તેમણે એક સાચા બ્રાહ્મણનું ખરૂં ઋષિજીવન ગાળ્યું છે.

હિંદને નસીબે આવી ભવ્ય માનવવિભૂતિઓ હોય છતાં ગુજરાતનું કૌમાર નબળુંપોચું, છેલબટાઉ અને આળસુ પડી રહે ખરૂં ?

જીવ્યા ત્યાં સુધી વિદ્યાર્થી જ રહ્યા એમ ડૉક્ટર* ભાંડારકર વિષે કહી શકીએ. અને આપણા લોકોની દૃષ્ટિએ તેઓ કંઇ ઓછું જીવ્યા નથી. ખાસા ૮૯ વરસના થઇને હમણાં જ એ ગુજરી ગયા.

તેઓ જન્મ્યા ત્યારે મુંબઇની યુનિવર્સિટી પણ જન્મી ન હતી. બી. એ. અને એમ. એ. ની પદવીઓ પણ ચાલુ થઇ ન હતી. અરે, ૧૮૫૭ની સાલનો બળવો પણ થયો ન હતો.

૧૮૩૭નો એ વખત. અંગ્રેજોનું રાજ્ય શરૂ થયે પુરાં વીસ વરસ પણ થયાં ન હતાં. છેલ્લા પેશ્વાએ રાજ્ય છોડતી વખતે એક મોટી રકમ અંગ્રેજોના હાથમાં સોંપી દઇ કહ્યું હતું કે આમાંથી મારા બ્રાહ્મણોને

* ડૉકટર એટલે દવા આપનાર ડૉકટર નહિ: અસાધારણ વિદ્વાનને ડૉકટર કહે છે.

દક્ષિણા આપતા રહેજો. એ નાણાંનું શું કરવું એ પણ સરકારને સુઝયું ન હતું. એવે વખતે ભાંડારકર જન્મેલા.

અંગ્રેજોનું રાજ્ય અહીં ટકશે એમ તે વેળા કોણે માન્યું હશે? અંગ્રેજી વિદ્યા શીખવાનો ઉત્સાહ એ વખતે કોને હશે? બાબર હિંદુસ્તાનમાં આવ્યો એટલા જ ઉપરથી લોકો કેમ માને કે મોગલોનું સામ્રાજ્ય થવાનું છે? એ જ પ્રમાણે પેશ્વાઓ હાર્યા અને અંગ્રેજો આવ્યા એટલા માટે શું નવી વિદ્યા ગ્રહણ કરીશું? આપણું જુનું છોડી દઇશું? એમ જ દરેકને થતું.

પણ કેટલાકોને તો આ અંગ્રેજો છે કોણ, એમની વિદ્યા છે કેવી, એ જોવાની જીજ્ઞાસા વધી. મુંબઇગરા અંગ્રેજી શીખીને પૈસાદાર થાય છે એવો અનુભવ પણ હતો. એટલે દસમે વરસે જ ભાંડારકરે અંગ્રેજી શીખવાનું શરૂ કર્યું. ભારે મુસીબત વેઠી પંદરમે વરસે મુંબઇ પહોંચ્યા અને અંગ્રેજી વિદ્યાની પાછળ પડયા. તે દિવસે શું એમના ખ્યાલમાં પણ હશે કે પોતાની દેશસેવા સંસ્કૃત ભાષાના અધ્યયન મારફતે જ થવાની છે? અને સંસ્કૃત વિદ્યા જ પોતાને ત્રિખંડ-પંડિતનો માનભર્યો ઇલકાબ અપાવવાની છે?

અને વિદ્યા પાછળ એ મહેનત પણ કેટલી લેતા? છ કલાક કરતાં વધારે ઉંઘે નહિ. ઉંઘ આવે તો દોરી વતી ચોટલી ખાટી સાથે બાંધી રાખે. મિત્રો વાતો કરવા આવે ત્યારે તેમની સાથે ગહન વિષયો પર ચર્ચા ચલાવે અને પોતાના વખતનો સદુપયોગ કરે.

એ વખતના લોકો કદાવર ને જોરદાર તો ખરા. ખાય પેટ ભરીને, કામ કરતાં થાકે નહિ, હિંમત પાર વગરની. ગમે તેટલી મુસીબતો આવે તોપણ નાસીપાસી તો જાણે જ નહિ, અને ખંત તથા ચીવટથી ધાર્યું મેળવ્યે જ છુટકો કરે. જ્યાં આત્મવિશ્વાસ પુરતો હોય ત્યાં ખુશામતની ટેવ તો કયાંથી જ હોય? શિક્ષક હોય કે પ્રોફેસર. જરાક આડું-અવળું બોલ્યા કે એમનો તેજસ્વી જવાબ હાજર જ. પણ એની પાછળ એક વાત હતી. જેટલું બોલે એટલું કરી બતાવે. તેથી જ આ બધું શોભતું.

૧૮૫૮માં એમની કેળવણી પુરી થઈ. અંગ્રેજી, ઇતિહાસ, તર્કશાસ્ત્ર, અને બાજા શાસ્ત્રીય વિષયો, એટલાંની પાછળ એમણે ખુબ મહેનત લીધેલી. પણ તેઓ વારી જતા તો એક ગણિત ઉપર. પ્રખર બુદ્ધિનું એ લક્ષણ જ છે. ગણિત, વ્યાકરણ, ભાષાશાસ્ત્ર, તર્કશાસ્ત્ર એ વિષયો બુદ્ધિને પ્રખર બનાવે છે, તેજસ્વી બનાવે છે, ચોકસ બનાવે છે. અને એકવાર બુદ્ધિ સૂક્ષ્મ અણીઆળી બની ગઈ. પછી એને ગમે તે વિષયમાં લઇ જાઓને.


અમને ગણિતમાં રસ નથી પડતો, વ્યાકરણ મગજમાં પેસતું જ નથી, વાર્તા કહો વાર્તા, એમ કહેનાર વિદ્યાર્થીઓ બધે જ દેખાય છે. તેઓ કલ્પના દોડાવી શકે છે. સહૃદયતા કેળવી શકે છે, ઇતિહાસમાં માથું મારી શકે છે. પણ બુદ્ધિનું કોઇ વીરકર્મ કરવાની એમની હિંમત ચાલતી નથી. ઘણા લોકો નહિ જાણતા હોય, પણ રવીન્દ્રનાથ ઠાકુર જેવા કવિઓએ પણ વ્યાકરણમાં ઓછું માથું નથી માર્યું. ગણિતમાં જે વિદ્યાનંદ હોય છે તેનો એકવાર સ્વાદ ચાખવો જોઇએ; પછી તો કોઇ કાળે એ છુટવાનો જ નહિ. ભાંડારકર ગણિત, તર્કશાસ્ત્ર, વ્યાકરણ અને શબ્દવિદ્યા—ચારેમાં સરખા જ પ્રવીણ હતા. તેથી જ તેઓ આટલા મહાન વિદ્વાન થયા.

એક વખતે કોઇ તાજો યૂરોપિયન પ્રોફેસર ગણિત ભણાવવા નીમાયો. પણ ભાઈસાહેબ કશું ભણાવે જ નહિ. થોડા દિવસ રાહ જોઇ ભાંડારકરે એમને કહ્યું, 'ગણિત વધારવા માટે તો આ કૉલેજમાં હું આવ્યો; પણ આવીને નિરાશ થયો.' સાહેબ ગરમ થયા અને ગણિત વિષય ઉપરની બધી અઘરી અઘરી ચોપડીઓ ભેગી કરી એમણે ભાંડારકર આગળ મુકી. હેતુ એ કે વિદ્યાર્થી ઉપર ઠસાવું કે આટલી ચોપડીઓ વાંચીને હું તૈયાર થયો છું. ભાંડારકરે જવાબ વાળ્યો, 'આ બધી ચોપડીઓ અમારી આગળ મુકવાનો અર્થ શો? આમાંથી કશું આપ ભણાવતા તો નથી જ!'

આમ કેળવણી પુરી તો કરી, અને ફેલોશિપ પણ મેળવી. પણ પાછળથી યુનિવર્સિટી સ્થપાઇ. એટલે યુનિવર્સિટીની પ્રતિષ્ઠા જાળવવા ખાતર બીચારા ભાંડારકરને પહેલેથી બધી પરીક્ષા માટે ફરી બેસવું પડયું! ઠેઠ મૅટ્રિકથી માંડીને બધી પરીક્ષાઓ ફરીથી

આપીને તેઓ ૧૮૬૩ની સાલમાં એમ. એ. થયા.

સાડા પાંચ વરસની ફેલોશિપ દરમ્યાન તેમણે ખુબ અધ્યયન કર્યું. મરાઠી જુનાં કાવ્ય વાંચી લીધાં અને સંસ્કૃતની પણ તૈયારી કરી. એમણે જોઈ લીધું કે યૂરોપિયન લોકો કાંઈક નવી જ દૃષ્ટિએ સંસ્કૃત શીખે છે. એ પદ્ધતિમાં કુશળતા રહેલી છે. તરત જ એમણે એ પદ્ધતિ પોતાની કરી, અને જુના શાસ્ત્રીઓ પાસેથી ન્યાય, વ્યાકરણ, વેદાંત વગેરે વિષયો શીખી નવી ઢબે શીખવવાની તૈયારી કરી. પૂર્વ અને પશ્ચિમ બંનેનો લાભ એમણે બરાબર મેળવ્યો. ન્યાયમૂર્તિ તેલંગ વિષે પણ એમ જ કહેવાય છે, કે કૉલેજની કેળવણી પુરી થયા પછી નાનપણથી શીખેલા બધા વિષયોનું એમણે પુનરાવર્તન કર્યું અને પોતાનું જ્ઞાન ચોક્સ કર્યું.



ડૉ. રામકૃષ્ણ ગોપાલ ભાંડારકર

ભણતર તો પુરૂં થયું: હવે આગળ શું કરવું? અર્થાત વકીલી. 'મહાજનો યેન ગતઃ સઃ પન્થા' વાગળે, રાનડે, બધા જ કાયદાનો અભ્યાસ કરે છે. આપણે પણ એ જ રસ્તે જઈએ. પણ સદ્‌ભાગ્ય ભાંડારકરનાં, અને આપણી સંસ્કૃત વિદ્યાનાં, કે ભાંડારકરને હાઈસ્કુલના હેડમાસ્તરની જગ્યા મળી. તે વખતે 'નેટિવ' લોકોને હેડમાસ્તરની જગ્યા પણ મળતી ન હતી! ભાંડારકરને મળી એટલે તેઓ ત્યાં ગયા. પછી થોડા જ દિવસમાં તેઓ પ્રોફેસર થયા. તેમાં કેટલી મુશ્કેલી! યૂરોપિયન પ્રોફેસરોની પ્રતિષ્ઠા વધારે; 'નેટિવ' માણસને સ્વતંત્ર કામ સોંપાય જ નહિ. પણ સરકાર નફટાઈ કરીકરીને કેટલી કરે? અસાધારણ વિદ્વત્તાને અને નિખાલસપણાને કેટલા દિવસ દબાવી રાખે?

તેમના નિખાલસપણાનો એક દાખલો અહીં ટાંકું. ૧૮૯૯માં એમનો દીકરો એમ. એની પરીક્ષામાં બેસવાનો હતો. ડૉ. ભાંડારકર પરીક્ષક હતા. તેમણે યુનિવર્સિટીને લખી જણાવ્યું કે 'આ વરસે

મારો દીકરો પરીક્ષામાં બેસનાર છે. એના વિષયો એને મેં જ ભણાવ્યા છે. એટલે હું પરીક્ષક ન થઇ શકું.' આ નિખાલસતા છે તો અલૌકિક; પણ એની જરૂર છે કે કેમ એનો વિચાર કરવો જોઇએ. સીતા વિષે પ્રજામાંથી કોઇ શંકા લે એ માટે રામે સીતાનો ત્યાગ કર્યો, કેમકે રામ રાજા હતા. પણ શું માણસમાં એટલો આત્મવિશ્વાસ ન હોય, કે દીકરાનો સવાલ હોય તોપણ આપણે ન્યાયનિષ્ટ રહી શકીએ ?

૧૮૭૦માં ડૉ. માણેકજી આદરજી નામના એક પારસી ભાઇને જમીનમાંથી એક તામ્રપટ જડી આવ્યું. તેમણે એ ડૉ. ભાંડારકરને આપ્યું. બસ, એ તામ્રપટે ભાંડારકરને પુરાતત્ત્વ-સંશોધક બનાવ્યા. એમણે હિંદુસ્તાનના પ્રાચીન ઇતિહાસ ઉપર ખુબ મહેનત લીધી, દક્ષિણનો જુનો ઇતિહાસ લખી કાઢ્યો, શૈવ અને વૈષ્ણવ તથા એવા બીજા સંપ્રદાયોનો ઇતિહાસ ભારે શોધખોળ પછી જીંદગીની લગભગ છેલ્લી ઘડીએ તૈયાર કર્યો. એકવાર તેઓ યૂરોપ પણ જઈ આવ્યા. મુંબઈ સરકારે એમને કાઠિયાવાડના દેશી રાજાઓને ખરચે યૂરોપ મોકલ્યા હતા. જર્મનીના લે.કે.એ એમની વિદ્વત્તા જોઈ એમને પી. એચ. ડી. ની પદવી આપી. પછી તો પદવીઓનો એમના પર વરસાદ વરસવા લાગ્યો. ત્રણે ખંડોએ એમને મહાન પંડિત તરીકે માન્ય કર્યા. એ એંશી વરસના થયા ત્યારે તેમના મિત્રો અને શિષ્યોએ તેમનું મોટું સ્મારક કર્યું. દરેક જણે વિદ્વત્તાભર્યો એકેક નિબંધ લખી તેનો ગ્રંથ ભાંડારકરને અર્પણ કર્યો, અને તેમને નામે એક પુરાતત્ત્વ-મંદિર પણ બાંધ્યું.

ભાંડારકરના જમાનામાં, આ દેશના કે પરદેશના જે કોઇએ સંસ્કૃત વિદ્યામાં કંઇ પણ શોધખોળ કરી છે તેમને જરાસરખી પણ શંકા આવે કે તરત જ તેઓ ભાંડારકરને શરણે જતા. ભાંડારકરની અનુમતિ મળ્યા પછી જ એમને નીરાંત વળતી.

એમની મુખમુદ્રા ઉપરથી તેઓ બહુ ઉગ્ર દેખાય છે. સત્યની શોધમાં તેઓ જરૂર ઉગ્ર હતા. પણ તેમનું શિષ્યવાત્સલ્ય અસાધારણ હતું. કેટલા યે વિદ્યાર્થીઓ એમની પાસેથી જોઈતી મદદ મેળવી શક્તા. એમણે પોતાનો કિંમતીમાં કિંમતી ગ્રંથસંગ્રહ પણ આખરે લોકસેવામા જ અર્પણ કર્યો.


પંડિતો વિદ્યાના વિષયમાં ગમે તેટલા ઉંડા ઉતરતા હોય, પણ વ્યવહારમાં કોક વખતે છક્કડ પણ ખાઇ જાય છે. ભાંડારકરની રાજનિષ્ઠા નિર્વ્યાજ હતી. લૉર્ડ કર્ઝને એક વખતે એનો ઠીકઠીક લાભ લઇ લીધો. એને યુનિવર્સિટી ઉપર અંકુશ મુકનારૂં એક બિલ પસાર કરવું હતું. પ્રજાને એ બીલકુલ રૂચતું ન હતું, કેમકે પ્રજા સરકારનો હેતુ જાણતી હતી. ભોળા ભાંડારકર સરકાર જે હેતુ બતાવે એ જ સાચો માની બેસે એમાં નવાઇ નથી. એમણે ધારાસભામા જઇ એ બિલને ટેકો આપ્યો ! કર્ઝનનું કામ પાકી ગયું ! આખો દેશ ભાંડારકર ઉપર ચીડાયો. છતાં એમની નિખાલસતા વિષે કોઇએ શંકા ન ઉઠાવી.

અંગ્રેજી ભણેલા લોકો નાસ્તિક થઇ જાય છે, અસંયમી બને છે એનું ડૉ. ભાંડારકરને બહુ માઠું લાગતું; અને ન ભણેલા લોકો સારાનરસાનો વિચાર કર્યા વગર, ચાલતી આવેલી ખરાબ રૂઢીને યે વળગી રહે છે એ પણ એમને અસહ્ય લાગતું. એમણે બંને સામે પોતાના હૃદયનો અવાજ ઉઠાવ્યો અને પચાસ વરસ સુધી સમાજસેવા કરી. એને અંગે નિંદા અને અપમાન એમને ઓછાં સહન કરવાં પડયાં ન હતાં. પણ ક્ષમા અને નીડરતા એ બે ગુણને પ્રતાપે એમણે આખર સુધી ટક્કર ઝીલી. અને અંતે પ્રજાએ એમની સેવા કબુલ રાખી.

એમનું 'ધર્મ પર ભાષણો અને લેખો 'નું પુસ્તક શુદ્ધ ધાર્મિક લાગણી અને સાદી ભાષાનો સુંદર નમુનો છે. ન્યાયમૂર્તિ રાનડે જેવા મહાન આગેવાનો પણ તેમને ગુરુ તરીકે લેખતા. લોકમાન્ય તિલક તો એમના શિષ્ય જ રહ્યા. બંને વચ્ચે અસાધારણ આદર અને વાત્સલ્યનો સંબંધ હતો.

ડૉ. ભાંડારકરની રહેણી અત્યંત સાદી, નિયમિત, સંયમી અને ઉદ્યોગી હતી. એમની ઇશ્વરભક્તિ સંતોની કોટિની હતી. પવિત્ર રહેણુને લીધે તેઓ લાંબા વખત સુધી જીવ્યા અને આખર સુધી દેશની સેવા કરી શક્યા. હિંદુસ્તાન એમને લીધે મગરૂર છે. સાચ્ચે જ ડૉ. ભાંડારકર એક તર્પણ કરવાયોગ્ય ઋષિ થઈ ગયા.

દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર



હૉયકિ

જાપાની વાર્તા

સેંકડો વર્ષ પર આ વાત બની હતી. જાપાનમાં આકામાગેસેકિ નામના ગામમાં હૉયકિ નામનો એક અંધ રહેતો હતો. વીણા બજાવવામાં, ગાવામાં કે ગીત રચવામાં આખા જાપાનમાં તેની બરાબરી કરે એવું કોઈ ન હતું. તેની એ વીણાના તારની મૂર્છના, કંઠનો સૂર કે ભાવથી ભરેલી કવિતા જે સાંભળે તે ભાન ભુલી જાય. દેશવિદેશમાં તેનું નામ વિખ્યાત થઈ ગયું હતું.

હિકિ રાજા જલયુદ્ધમાં માર્યો ગયો અને તેના વંશમાં કોઈ અંજલિ આપનાર રહ્યું નહિ, એ વિષય પર તે ગાતો. હૉયકિના કંઠે તે ગાન સાંભળતાં સાંભળતાં મનમાં થતું, કે યુદ્ધ જાણે આંખ આગળ જ ચાલે છે. વળી અંદરઅંદર એના દુઃખની કથા જે સાંભળતા તેમની આંખનાં આંસુ ખાળ્યાં રહી શકતાં નહિ. પ્રેતલોક શું કે મનુષ્યલોક શું, સર્વે એના ગાન આગળ રોયા છે, એવું લોકો કહેતા.

હૉયકિ ઘણો ગરીબ હતો. પણ તેને એક મિત્ર મળી ગયો હતો, જેથી કોઈ દિવસ તેને ભરણપોષણનો વિચાર કરવો પડે એમ ન હતું. મંદિરના પુરોહિતને તેનું ગાન ઘણું ગમતું. તેણે જ મહેનત કરીને હૉયકિને મંદિરમાં રખાવ્યો હતો. હૉયકિ તે સ્થળે દરરોજ દેવ આગળ ગાતો. આમ તેના દિવસ બહુ સુખમાં જતા.

ઉનાળાનો દિવસ હતો. પુરોહિત શિષ્યોને લઈ એક ગૃહસ્થને ત્યાં દેવપૂજા કરવા ગયો હતો. હૉયકિ દેવાલયમાં એકલો હતો. તે દિવસે તાપ બહુ હતો, પવન બીલકુલ ન હતો, વૃક્ષનું પાંદડું સરખું યે હાલતું ન હતું. પુરોહિત ક્યારે આવશે એની વાટ જોતો હૉયકિ પડાળીમાં બેઠો હતો. વચ્ચેવચ્ચે ગણગણ કરતો કાંઈ ગાતો. સામે જ બગીચો હતો. ત્યાંની ફૂલની ગંધ પડાળીમાં પ્રસરી રહી હતી.

રાત્રિ બે પ્રહર વીતી. પુરોહિત હજુ પણ આવ્યો ન હતો. હૉયકિ પણ હજુ જાગતો બેઠો હતો. એવામાં એક માણસ બગીચાના રસ્તા પર થઈ પડાળીમાં આવી ઉભો. હૉયકિ તો આંખે દેખતો ન હતો. પગનો અવાજ સાંભળી મનમાં ધાર્યું કે પુરોહિત આવ્યો હશે. પણ તરત જ તેને પોતાની ભુલની ખબર પડી. આવનાર બોલ્યો, 'હૉયકિ!' તેનો સ્વર કર્કશ હતો. કોઈ હુકમ કરે તેવા મોટા કઠોર અવાજે તે બોલ્યો.

હૉયકિ ચમકી ઉઠ્યો. આ પુરોહિત તો ન હોય,— ત્યારે કોણ હશે?

વિલંબ થાય છે એમ જોઈને માણસ ફરી મોટેથી બોલ્યો. 'હૉયકિ!'

આ વખતે હૉયકિના અંગમાં ઝણઝણાટ વ્યાપી ગયો. તેણે ધીમે રહીને કહ્યું, 'હું અન્ધ છું—જાણતો નથી તમે કોણ છો.'

આવનાર સહેજ નરમ થઈને બોલ્યો. 'હૉયકિ! બીશ નહિ. તું મને દેખતો નથી. હું દેવાલયની પાસે જ રહું છું. મારા પ્રભુ એક દેશના રાજા છે. તે છુપા વેશમાં અહીં પાસે જ છે. તે હિકિ રાજાની કબર જોવા આવ્યા છે. તારા જ મુખેથી હિકિ રાજાનું ગીત સાંભળવાની તેમને ઘણી ઇચ્છા છે. તને ત્યાં લઈ જવા આવ્યો છું. ચાલ, વીણા લઈ લે.'

ચુમ્બક જેમ લોહને ખેંચી લે તેમ જાણે ખેંચીને

તેણે હૅાયકિને ઉભો કર્યો. પછી તે હૅાયકિનો હાથ ઝાલી રસ્તો દેખાડતો ચાલ્યો. હૅાયકિને લાગ્યું કે તે માણસનાં સર્વ અંગમાંથી જાણે બરફ ઝરે છે; તેનો હાથ હિમ જેવો ઠંડા છે.

પહેલાં તો હૅાયકિને ઘણો ભય લાગ્યો પછી તેણે વિચાર્યું, ભય શાનો ? રાજાની પાસે ગાવા જાઉં છું, યોગ્ય બક્ષિશ તો મળશે.

હૅાયકિ આમ નાનાપ્રકારના વિચાર કરતો કરતો ચાલતો હતો. એકદમ પેલો માણસ અટકીને ઉભો રહ્યો. હૅાયકિના મનમાં થયું કે જાણે પોતે કોઇ સાત માળના મહેલ સામે આવી પ્હોંચ્યો છે. તેની સાથેનો માણુસ તીવ્ર સ્વરે બોલ્યો. ' કયમન ! ' આ શબ્દ ઉચ્ચારતાંની સાથે જ તે મકાનનાં સિંહદ્વાર ખુલી ગયાં.

પછી તેમણે એક બાગમાં થઇને ચાલવા માંડ્યું. બાગ વટાવી ગયા એટલે એક દરવાજે આવ્યો. હૅાયકિના સાથીએ દરવાજો ઠેલતાં કહ્યું. ' કોણ છે અંદર ? હું હૅાયકિને લઇ આવ્યો છું. '

પછી હૅાયકિને લાગ્યું કે જાણે કોઇ બાળાએ આવી તેનો હાથ પકડ્યો છે.

તે બાળા એક પ્રચંડ દ્વાર ઉઘાડી તેને લઇ ચાલી. પગ જાણે નરમ મખમલ પર પડે છે એમ લાગ્યું. ચાલતાં ચાલતાં તેઓ અનેક નાનાંનાનાં ઘર વટાવી ગયાં. છેવટે એક મોટા મંડપમા આવી ઉભાં રહ્યાં. હૅાયકિને મનમાં થયું કે ત્યાં અસંખ્ય માણસો બેઠેલાં છે. તેમની છાનીછાની વાતોના ગુસપુસ અને પોષાકના કડકડ અવાજથી મંડપ ગુંજી રહ્યો હતો.



કોઈ એક માણસે હૅાયકિને બેસવાનું કહ્યું. હૅાયકિ એક નરમ મખમલના આસન ઉપર બેઠો. રાજસભામાં જેવી વાત થાય તેવી ત્યાં નાનાપ્રકારની વાતો ચાલી રહી હતી. સઘળાંનો સ્વર મૃદુ હતો.

હૅાયકિએ તે સ્થળે થોડીવાર વિશ્રામ લીધો. પછી બાળાના સ્વરે કોઇએ તેને કહ્યું. ' હવે ત્યારે હિકિ રાજાનું ગાન વીણા બજાવીને શરૂ કરો ! '

કંઠના સ્વરથી અને વાત કરવાની રીતથી લાગ્યું કે તે કોઇ મોટા ઘરની બાળા હશે.

હિકિ રાજાનું ગાન આખું તો એક રાતમાં પુરૂં થઇ શકે નહિ, તેથી હૅાયકિ બોલ્યો. ' આખું તો જલદી પુરૂં નહિ થાય; આપને ક્યાંથી સાંભળવું છે તે આજ્ઞા કરો. '

બાળા બોલી, ' જ્યાંથી યુદ્ધવર્ણન શરૂ થાય છે ત્યાંથી ચાલવા દો. '

હૅાયકિએ પછી વીણાના તાર બજાવતાં બજાવતાં ગાન શરૂ કર્યું. જોતજોતામાં તો ખુબ રસ જામ્યો. તાર ઉપર તેની આંગળીઓ એવી રીતે પડતી હતી કે શસ્ત્રોનો ઠનઠનાટ, અસ્ત્રોનો ઝનઝનાટ, નૌકાનો ઝપઝપનાદ અને તીરોનો સનસનાટ તેની વીણાના તાર પર ગાજી રહ્યો. એમ લાગવા માંડ્યું કે જાણે સેંકડો નૌકાઓ છુટી છે અને યુદ્ધ વધ્યું છે--કેટલાક યોદ્ધાઓ પડતા અને કેટલાક મરણયાતનાથી રૂદન કરતા સંભળાય છે.

શ્રોતાઓ સાંભળીને ' વાહ વા, વાહ વા ' કરવા લાગ્યા. સહુ બોલ્યા, ' ખરેખર. આવો કંઠ તો ક્યાંય સાંભળ્યો નથી. આવી વીણા પણ કોણ બજાવી શકે ? '

વાહવાહ થઇ એટલે હૅાયકિ હર્ષથી ફુલી ગયો. તેનો કંઠ પણ રંગથી નીકળવા લાગ્યો, તેના ગાનનો વેગ હવે અટકી શક્યો નહિ . . . .

ત્યાર પછી ગાનનો કરુણ ભાગ આવ્યો. નાનાં નાનાં બાળકબાળકીઓ શસ્ત્રથી રહેંસાઈ જાય છે. કુલવધુઓ છાતીફાટ રૂદન કરે છે. શત્રુના હાથમાંથ રાજકુમારને બચાવવા માટે રાજમાતા જખમ ઝંપલાવે છે !

હૅાયકિ ગીત ગાતો હતો ત્યારે તેનાં બંને ચક્ષુ-

માં જલ દેખાતું હતું ! સાંભળનારા પણ હવે આંસુ ખાળી શક્યા નહિ. સઘળા રોઈ પડ્યા. શોક હવે દબાવી શકાયો નહિ. હૅયકિના કંઠમાંથી પણ સૂર નીકળી શક્યો નહિ;—તે વીણા મુકી દઈ ચુપ બની રોવા લાગ્યો.

ધીમે ધીમે સહુ રોતા બંધ થઇ ગયા. સર્વ શાન્ત થઇ ગયા. ચારે દિશાએ ગમગીની પ્રસરી રહી.

જે બાળાએ હૅાયકિને ગાવાની આજ્ઞા કરી હતી તેણે હવે કહ્યું, 'ઘણી હોંશથી તમારૂં ગાન સાંભળવા આવ્યાં છીએ. તે સંભળાવશો એવી આશા રાખીએ છીએ. અમારા પ્રભુ ગાનથી મોહિત થઈ ગયા છે. તેમની ઇચ્છા હજુ બે દિવસ રહી રોજ રાત્રે તમારૂં ગાન સાંભળવાની છે. ત્યાર પછી તે આ સ્થળ છોડી ચાલ્યા જશે. આજે જે સમયે આવ્યા હતા તે જ સમયે કાલ પણ આવજો. આજે તમને તેડવા જે માણસ આવ્યો હતો તે કાલ પણ આવશે. એક વાત ધ્યાનમાં રાખવાની છે. આજની વાત, ખબરદાર, કોઈની આગળ પ્રગટ ન કરશો. નહિ તો મોટી વિપદમાં આવી પડશો. હવે તમને વિદાય છે.'

એક દાસી આવીને હૅાયકિને બહાર મુકી ગઇ. જે માણસ તેને તેડી લાવ્યો હતો તે ત્યાંથી તેને સાથે લઈ દેવાલયની પડાળી આગળ મુકી ગયો.

હૅાયકિ ઘેર પાછો ફર્યો ત્યારે પ્રભાત થવા આવ્યું હતું; પણ પુરોહિત હજુ આવ્યો ન હતો. પુરોહિતે આવીને જોયું ત્યારે તો હૅાયકિ ઉંઘતો હતો.

૨

બીજી રાતે હૅાયકિ ફરી પડાળીમાં બેઠો છે. આજે પુરોહિતની વાટ જોવાની ન હતી.

રાત્રિ બે પ્રહર વીતી એટલે પેલો માણસ તેને બોલાવી લઇ ગયો. આખી રાત ગાન ચાલ્યું. પરોઢિયે કુકડા બોલ્યા ત્યારે હૅાયકિ ઘેર આવ્યો.

રાત્રિએ હૅાયકિ દેવાલયમાં ન હતો એ વાત સર્વેના જાણવામાં આવી ગઈ. પ્રભાત થતાં જ પુરોહિતે તેને બોલાવી મંગાવ્યો અને ગુસ્સે થઇ કહ્યું. 'કાલ રાત્રે તારે માટે અમને કેટલી આપદા પડી ! તું આંખે દેખતો નથી—રાત્રે એકલો ઘર બહાર જાય

આશમગાહ

તે નાનકડા જાદુગરના જાદુથી હું તો ગતગર થઈ ગયો છું.

કાયાના કાચા ગઢ ઉપર આત્માનો અમર ધ્વજ રોપી તેણે હસીહસીને મને કહ્યું:

'આને સાચવજે; એને અચલ ને અકલંક રાખજે.'

હું તો દિગ્મુઢ બનીને ઉભો જ રહ્યો.

પૃથુલાલ શુક્લ

છે તે વિપદમાં આવી પડીશ તો ? જો મને જણાવે તો સાથે માણસ મોકલું. પણ તું ગયો'તો ક્યાં ?'

જાણે કાંઈ થયું જ નથી એવા ભાવથી હૅાયકિએ કહ્યું, 'કાંઈ ખાનગી કામ હતું.'

પુરોહિતે પુછ્યું, 'ખાનગી કામ શું હતું એવું ? મને કહેવામાં પણ હરકત છે ?'

હૅાયકિએ થોડી વારે વિચાર કરીને કહ્યું, 'હા.'

હૅાયકિ આજ સુધી પુરોહિત આગળ કાંઇ છુપું રાખતો નહિ. આજના તેના વર્તનથી તેને ઘણી વ્યથા થઇ. હૅાયકિના મોંની આગલી મીઠાશ ક્યાં ? તે સરલ ભાવ પણ ક્યાં ? આમ બદલાઇ ગયો શાથી ? એને તે વળી એવું શું ખાનગી કામ ? મિત્ર આગળ વળી ખાનગી શાં ? આવા પાંચસાત તર્ક કરી તેણે ચાકરોને કહી દીધું કે તેઓ હૅાયકિ ઉપર નજર રાખે અને એ રાત્રે ક્યાં જાય છે તે જોઇ રાખે.

૩

બીજે દિવસે રાત્રે ચાકરોએ જોયું કે હૅાયકિ એકલો દેવાલયમાંથી વીણા લઇ ક્યાંક બહાર નીકળી ચાલ્યો. તેઓ પણ ફાનસ લઇ તેની પાછળપાછળ ગયા. રાત અંધારીઘોર હતી; રહેજરહેજ વરસાદ પણ

વરસતો હતો. હૅાયકિ એટલો ઉતાવળો ચાલતો હતો કે ચાકરો હવે તેની સાથે રહી શકયા નહિ. હૅાયકિ ક્યાંય અદશ્ય થઇ ગયો હતો ! એટલે એમણે તો જે જે ઘેર હૅાયકિ આવતોજતો હતો ત્યાં સર્વત્ર તેની તપાસ કરી. પણ ક્યાંય પત્તો લાગ્યો નહિ. થાકીને તેઓ પાછા આવતા હતા એવામાં હિકિ રાજાની કબરની દિશા તરફથી વીણાનો સ્વર આવતો તેમણે સાંભળ્યો.

નોકરોએ ફાનસ લઇને ત્યાં જઇ જોયું તો ત્યા કોઇ પણ મનુષ્ય ન હતું. માત્ર અન્ધકારમાં કોઇ-કોઈવાર દીવાનો પ્રકાશ ઝળકી ઉઠતો. કબર ભણી મુખ કરી એકલો હૅાયકિ હિકિ રાજાના યુદ્ધનું ગીત ગાતો હતો. તેની ચારે બાજુએ મંદિરના સ્થિર દીવાનો પ્રકાશ મિટમિટ કરતો પડતો હતો.

—'હૅાયકિસાન્ ! હૅાયકિસાન્ ! ઉઠો, ચાલો !' એમ બોલી મન્દિરનાં માણસોએ ગરબડ કરવા માંડી. પણ અન્ધ તો એકતાન થઇ ગાતો જ હતો. એણે આ કશું સાંભળ્યું નહિ. પછી તેમણે હૅાયકિનો હાથ ઝાલી ખુબ જોરથી તેને ધણધણાવીને કહ્યું, 'હૅાયકિસાન્ ! ઝટ અમારી સાથે ચાલો.'

હૅાયકિ ચીડાઇ જઇને બોલ્યો, 'બેઅદબ ! રાજા આગળ ગાઉં છું—દેખતા નથી ! '

અનુચરોને અતિ આશ્ચર્ય થયું. કબર આગળ કાળો કાગડો યે નથી ત્યાં વળી રાજા કેવો ! તેમણે ધાર્યું કે હૅાયકિસાન્ ગાંડા થઇ ગયા હશે.

તેઓ કાંઈ પણ બોલ્યાચાલ્યા વિના હૅાયકિને જોરજુલમથી પકડી દેવાલયમાં લઈ ગયા. પુરોહિતે તેને પાસે બોલાવી સઘળી વાત પુછી.

હૅાયકિએ ધાર્યું હતું કે કાંઇ કહીશ નહિ. પણ જ્યારે જોયું કે તેના મિત્રને ઘણો ભય થયો છે ત્યારે તેને આશ્વાસન આપવા સઘળી વાત કહી દીધી.

પુરોહિતે સાંભળીને કહ્યું, 'ભાઈ હૅાયકિ ! જાણે છે તું કેવી વિપદમાં પડયો છે તે ? આ સઘળી વાત હજુ મને આજે કહે છે ? રાજા કેવો ? તે સર્વ મિથ્યા ! તું હિકિ રાજાની કબર આગળ એકલો બેઠો બેઠો ગાય છે ! તને અંધ જાણી પ્રેતલોકો તને ભુલવી લઇ જાય છે ! હવે જો તેમની વાત માની ગાવા જઇશ તો કદાચ માર્યો જઇશ ! આજથી સાવધાન રહેજે. હું કહું છું તે સાંભળ. આજે મારે એક જગ્યાએ પૂજા કરવા જવાનું છે. હું તારા અંગ ઉપર કેટલાક મંત્ર લખીશ, તેથી કરીને પ્રેતલોકો તને કોઇ પણ રીતે જોઇ શકશે નહિ.

૪

તે દિવસ સંધ્યા સમયે પુરોહિતે અને તેના એક શિષ્યે હૅાયકિના શરીર પર—છાતી, પીઠ, હાથ, પગ એમ સર્વ અંગ પર મંત્ર લખી કાઢયા. પછી પુરોહિતે હૅાયકિને કહ્યું, 'આજે હું જાઉં એટલે તું પડાળીમાં બેસી રહેજે. રોજની માફક આજ પણ એક માણસ તને બોલાવવા આવશે, પણ તારે કાંઇ ઉત્તર જ આપવો નહિ—શ્વાસ સરખો યે લેવો નહિ. જો બોલ્યો અથવા હાલ્યોચાલ્યો તો હવે બચવા પામીશ નહિ. મારા કહ્યા પ્રમાણે વર્તીશ તો તારી વિપદ દૂર થશે ને કોઈ પણ રીતે ભૂત તને ઉપદ્રવ કરી શકશે નહિ.'

સંધ્યા વીતી ગયા પછી પુરોહિત દેવાલયમાંથી બહાર ગયો. હૅાયકિ પડાળીમાં વીણા પાસે રાખી બેઠો. અતિ શાન્તિથી તે સમય વ્યતીત કરવા લાગ્યો. રખે અવાજ થશે એમ ધારી શ્વાસોચ્છ્વાસ પણ તે ઘણો ધીમેથી લેતો હતો. આમ ને આમ ત્રણચાર કલાક વીતી ગયા.

હૅાયકિ હજુ બેસી રહ્યા છે. રાત બે પ્રહર વીતી ગઈ છે. એવે દૂર પગરવ સંભળાયો. ધીમેધીમે અવાજ હૅાયકિની પાસે આવવા લાગ્યો. છેવટે હૅાયકિને લાગ્યું કે એક માણસ આવી તેની સામે ઉભો છે.

આવનાર માણસ અતિ ગંભીર સ્વરે બોલ્યો, 'હૅાયકિ !'

પણ હૅાયકિ તો તદ્દન ચુપ જ હતો.

મોટેથી તે ફરી બોલ્યો, 'હૅાયકિ !'

પણ હૅાયકિ બોલે જ શાનો ?

તે માણસ ગુસ્સે થઇને જોરથી પગ પછાડતો આમતેમ ખોળવા લાગ્યો. થોડીવાર પછી બોલ્યો, 'એ હૅાયકિ ગયો ક્યાં ? તેની વીણા તો અહીં પડી છે, પણ તે ક્યાં ગયો ? એ કાંઈ ચાલશે નહિ ! તેને ખોળી જ કાઢવો જોઇએ !'

હૉયકિ





કુમાર આસો ૧૯૮૧

નાઈલને કાંઠે

ઇજિપ્તની નાઇલ નદી પરનું એક ગામડું સંધ્યા સમયે કેવું રમણીય બની રહ્યું છે ! ચિત્રકારે પ્રકાશની આડે પડેલા શ્યામલ આકારોનું કેટલું સુઘટિત વિધાન રચ્યું છે ! રંગ અને પ્રકાશનો આપણને પુરો ખ્યાલ આવી જાય છે અને જાણે સંધ્યાની નીરવ શાંતિ અનુભવતા હોઇએ એવું લાગે છે.

આ અનુપમ ચિત્ર જર્મનીના કોઇ કારીગરે કાળા કાગળમાં કોરી કાઢેલું તેની નકલ અમને સર ગિરજાપ્રસાદ ચીનુભાઇના સંગ્રહમાંથી મળેલી તે પરથી છાપ્યું છે.

વળી કેટલીક વાર પછી તે ફરી બોલ્યો, 'આ બે શું છે ? અરે ! આ તો મનુષ્યના કાન લાગે છે ! હં ! સમજાયું ! હૅાયકિ શી રીતે ઉત્તર દે ? તેને તો કોઈ લઈ ગયું છે ! તેના બે કાન ફક્ત પડયા રહ્યા છે ! કાન તો કાંઇ બોલી શકે નહિ ! હશે, કાન તો કાન લઇ જઈશ. તેથી પણ પ્રભુની આજ્ઞાનું પાલન થશે.'

એ જ વખતે હૅાયકિને લાગ્યું કે કોઇ કઠિન હાથથી પોતાના કાન બહુ જોરથી ખેંચે છે. યંત્રણાથી તેનો પ્રાણ તરફડવા લાગ્યો. આટલું કષ્ટ પડયા છતાં યે તેણે ચું કે ચા કર્યું નહિ. પેલાએ તેના બંને કાન તોડી લીધા ! હૅાયકિએ ચુપકીથી તે દુઃખ સહન કર્યું.

તે માણસ ચાલ્યો ગયો; ધીમેધીમે તેનો પગરવ સંભળાતો બંધ થયો. હૅાયકિના કપાએલા કાનમાંથી દડદડ લોહી પડવા લાગ્યું.

તે મૂર્છિત થયો !

૫

સવારે પુરોહિત મંદિરે આવ્યા ત્યારે હૅાયકિને બરાબર ભાન ન હતું. લોહીથી તે જગ્યા બધી રંગાઇ ગઈ હતી.

પુરોહિતે આશ્ચર્ય પામીને પુછ્યું, 'હૅાયકિ ! ભાઇ ! આ શું થયું ? આ તને કોણે કર્યું ?'

મિત્રનો સાદ સાંભળી હૅાયકિને ભાન આવ્યું. આટલી વાર તે મડદાની માફક બેભાન પડી રહ્યો હતો. હવે તેની વેદના વધી. તે નાના બાળકની માફક રોવા લાગ્યો. છેવટે શાન્ત થઇ રાતની વાત પુરોહિત આગળ આખી કહી સંભળાવી.

પુરોહિત તે સાંભળીને બોલ્યો, 'હૅાયકિ ! મને માફ કર. દોષ મારો છે—સઘળો જ મારો છે. મેં તારે આખે શરીરે મંત્ર લખ્યા, અને માત્ર તારે કાને લખવાનું ભુલી ગયો ! થવાનું હતુ તે થઇ ગયું છે. હવે તો ઝટ તને મટે તેમ કરવું જોઇએ. તારી વિપદ હવે દૂર થઈ છે; પ્રેતલોકના હાથમાંથી તું બચ્યો છે.

૬

વૈદે આવીને ઓસડ લગાડયું; ઘા ઝટ રૂઝાઇ ગયો.

હૅાયકિના કાન કપાયાની વાત સર્વત્ર પ્રસરી ગઇ, તેની સાથે તેના ગાનની ખ્યાતિ પણ ચોદિશ ફેલાઇ. જુદાજુદા દેશમાંથી ધનવાનો, પંડિતો, જ્ઞાનીઓ —સૌ તેનું ગાન સાંભળવા આવવા લાગ્યા.

કેટલાંક વરસથી હૅાયકિને ઘેર હવે પૈસાની ટંકશાળ પડી છે. પણ તેના કાન ગયા પછી કોઇ તેને એકલો હૅાયકિ કહીને બોલાવતા નથી. લોકો તેને 'કાનકટો હૅાયકિ' કહે છે.

[બંગાળી ઉપરથી] **નરહરિ દ્વારકાદાસ પરીખ**

બે ભાઈઓ

એક ગામમાં બે ભાઈ રહેતા હતા. એક ભાઇ પરણેલો હતો ને તેને છૈયાંછોકરાં હતાં. બીજો ભાઇ કુંવારો ને એકલો હતો. તે બે ભાઇને એક ખેતર હતું. જ્યારે ખેતરમાં અનાજ પાક્યું ત્યારે બંને જણાએ બે સરખા ભાગ પાડીને બે જુદાંજુદા ઢગલા કર્યા, અને રાત પડી એટલે સુઈ ગયા. રાત્રે પેલા કુંવારા ભાઇને સુતાંસુતાં વિચાર થયો કે 'મારો ભાઈ પરણેલો છે. તેને બાયડીછોકરાં છે અને તેનું ખરચ પણ વધારે છે; ને હું તો એકલો છું. મારે આટલા બધા અનાજને શું કરવું છે ?' એમ વિચાર કરીને તે ઉઠયો અને પોતાના ઢગલામાંથી છાનામાના સાત ટોપલા અનાજ ભરીને પોતાના ભાઇના ઢગલામાં નાખી દીધું. અને પછી સુઈ ગયો.

મોડી રાતે પેલા પરણેલા ભાઇને વિચાર થયો કે 'મારે બાયડીછોકરાંનું સુખ છે; હાથે રાંધવું પડતું નથી અને અમે બધાં મહેનતમજુરી કરીને અમારું પેટ ભરી શકીએ છીએ. પણ મારો ભાઇ તો એકલો છે. અને નથી કોઈ રાંધી આપનાર કે નથી કોઈ ચાકરી કરનાર. મારે એના જેટલું અનાજ લેવું લાજમ નથી.' આમ વિચારીને તે છાનોમાનો ઉઠયો અને પોતાના ઢગલામાંથી સાત ટોપલા ભરીને અનાજ પોતાના ભાઇના ઢગલામાં નાંખીને સુઈ ગયો.

સવારે જ્યારે બંને ભાઇ ઉઠયા ત્યારે પોતપોતાના ઢગલા બરાબર સરખા જોયા ! તેથી અચંબો પામીને પોતપોતાના મનમાં વિચાર કરવા લાગ્યા કે આમ કેમ થયું ?

કારકળ

દક્ષિણ કાનડા એ હિંદુસ્તાનને પશ્ચિમ કીનારે આવેલો રળીઆમણો મુલક છે. સહ્યાદ્રિની તળેટીમાં એ પ્રદેશ આવેલો હોવાથી મલબાર કરતાં પણ એની શોભા વધી જાય છે. એક તરફ સહ્યાદ્રિ ને બીજી બાજુએ પશ્ચિમ સાગર (અરબી સમુદ્ર); અને વચમાં જે કુદરતનું અખંડ યૌવન એનું નામ કાનડા જીલ્લો.

દક્ષિણ કાનડાનું મુખ્ય શહેર મંગળુર. ત્યાંનાં સુપ્રસિદ્ધ નળિયાં અને 'મંગળુર ચેક' નામનું કોટનું કપડું એ બેને માટે એની પ્રખ્યાતી સૈએ સાંભળી હશે. રોમન કૅથલિક પંથના દેશી ખ્રિસ્તીઓનું તો એ પિયર. મંગળુરથી પાંત્રીસ માઇલ ઉપર કારકળ કરીને કુદરતના ખોળામાં રમતું એક નાનકડું શહેર છે. પ્રાચીન કાળમાં જૈન રાજાઓની એ રાજધાની હતું. હૈદર અને ટીપુ પણ એ સ્થાન ઉપર મોહિત થયા હતા. ત્યાંની આસપાસના જોવા જેવા કેટલાક સુંદર દેખાવો અને કળાના નમુનાઓ આ નીચે આપ્યા છે.



૧ રામસમુદ્ર


(૧) કારકળ પાસેનું આ એક સુંદર સરોવર છે. ત્યાંના એક જુના રાજાએ એ ખાસ ખોદાવેલું. નીચે કાળો દક્ષિણી પથ્થર, સામે કુદરેમુખ(અશ્વમુખ)નો પહાડ અને આસપાસ નાળિયેરીની વનશ્રી;—એ બધું મળીને રામસમુદ્રને અચ્છોદ સરોવરની શોભા આવી છે. એનો આકાર બહુ જ વાંકોચુંકો છે તેથી એમાં કુદરતનું કાવ્ય એના પાણી જેટલું જ ભરપુર હોય છે.

(૨) રામસમુદ્ર જતાં રસ્તે એક નાની ટેકરી ઉપર આ બસ્તી અથવા 'વસતી' આવે છે. બસ્તી એટલે દિગંબરી જૈનોનું મંદિર. આજકાલ જૈન સિવાયના માણસોને આ મંદિરમાં જવા નથી દેતા. એ મંદિર સર્વતોભદ્ર (બધી બાજુએથી એકસરખું) છે. એના પથ્થરના છાપરાની ગોઠવણ ખાસ જોવાલાયક છે. ઘણુંખરું કોતરકામ ભુંસાઈ ગયું છે તે ઉપરથી લાગે છે કે મંદિર બહુ જુનું હોવું જોઇએ. વચમાં એનું સમારકામ પણ થયું લાગે છે.



૨ ચતુર્મુખ બસ્તી





૩ ગોમટેશ્વર

(૩) કારકળ અને હિરેઅંગડી વચ્ચે આવેલી પહોળી ટેકરી ઉપર બાહુબલિની આ એક પ્રચંડ મૂર્તિ છે. મૂર્તિની ઉંચાઈ ૪૦-૪૫ ફુટ છે. એનો પથ્થર ક્યાંક ખુબ દૂરથી આણીને તેમાંથી મૂર્તિ ઘડી અહીં ઉભી કરવામાં આવી છે. મૂર્તિ દિગંબર છે. મોં ઉપર પરમ શાન્તિ અને પ્રસાદ છે. આ મૂર્તિ અહીં ઉભી કરી છે એ એન્જીનિયરિંગ કળાની એક મોટી ફતેહ તો છે જ, પણ એના કરતાં યે આવડી મોટી મૂર્તિ ઉપર કારીગરો આટલો સૌંદર્યભાવ બતાવી શક્યા છે એ જ વસ્તુ ખાસ ધ્યાન ખેંચે છે. મૂર્તિના મોં ઉપરનો ભાવ એટલો તો વૈરાગ્યશીલ છે કે સ્ત્રીપુરુષો, બાલવૃદ્ધો એનું દર્શન કરે તો યે આપણને અસ્વસ્થતા ન લાગે.

૪ બ્રહ્મા


(૪) ગોમટેશ્વરની મૂર્તિ આગળ જ એક ઉંચા થાંભલા ઉપર બ્રહ્માની રૂપળી મૂર્તિ છે. નીચે એક ઘોડેસવારનું ચિત્ર છે. એ કાંઈક પળીઆ જેવું દેખાય છે. મોટા થાંભલામાં ઉંચાઈ અને પહોળાઈનું પ્રમાણ સાચવવું એ હમેશાં બરાબર સચવાતું નથી. આ સ્તંભ પોતાની પ્રમાણબદ્ધતાથી જ આપણું ધ્યાન વધારે ખેંચે છે.



૫ જુની બસ્તી

(૫) પથ્થરનાં મકાનો અને લાકડાનાં મકાનોની શૈલી જુદીજુદી હોય છે. આ બસ્તીમાં બંનેનો સંયોગ છે અને તે સુંદર રીતે સધાયો છે. બસ્તી બેઠા ઘાટની હોવા છતાં હૃદય પર સરસ પ્રભાવ પાડે છે.





૬ અખંડ સ્તંભ

(૬) આ પ્રાંતની આ એક અદ્‌ભુત વસ્તુ છે. નીચેથી ઉપર સુધી એક જ પથ્થરમાંથી કોતરેલો ૪૫ ફૂટની ઉંચાઇનો આ માનસ્તંભ છે. માનસ્તંભ એટલે કીર્તિસ્તંભ. હિરેઅંગડીની ચાર બ'તી વચ્ચે એ આવેલો છે. એના ઉપર નાનકડા મંદિર જેવો જે ચબુતરો દેખાય છે એ પણ એ સળંગ પથ્થરમાંથી જ કોરી કાઢેલો છે.

૭ બીજો સ્તંભ

(૭) હજાર થાંભલાવાળી બસ્તી આગળનો આ સ્તંભ છે. એ અખંડ નથી, પણ દક્ષિણ કાનડાની કારીગારીનો સુંદર નમુનો છે. દરેક સ્તંભ પાસે, આમાં બતાવી છે એવી ધજા તો હોય જ. ધજાના વાંસ (અથવા વળી)ને પિત્તળના પતરાના ભુંગળથી મઢી લીધેલો હોય છે.



૮ શ્રીકૃષ્ણદેવસ્થાન : ઉડુપી

(૮) ઉડુપી એ ડાકોર, દ્વારકા, કે પંઢરપુર જેવું દક્ષિણ તરફનું વૈષ્ણવ તીર્થસ્થાન છે. જેમ ચૈતન્ય મહાપ્રભુએ વૃંદાવનનું માહાત્મ્ય વધાર્યું, તેમ ઉડુપીનું માહાત્મ્ય **શ્રી મધ્વાચાર્યને** લીધે છે. અહીં આપેલા મંદિર સાથે કનકદાસ નામના એક અંત્યજ સાધુની બોધપ્રદ વાર્તા જોડાએલી છે. કનકદાસને એક દિવસ મંદિરમાં પ્રવેશ ન મળ્યો એટલે તે વ્યાકુળ થઇને મંદિર પાછળ જઇ પરમાત્માની કરુણા યાચવા લાગ્યો. એટલામાં મંદિરની મૂર્તિ ફરી ગઈ અને મંદિરના મહાદ્વાર તરફ મૂર્તિની પુંઠ થઇ! મંદિરની પાછળની દીવાલમાં એક નાનકડી જાળી છે તેમાંથી હવે દર્શન થાય છે. એ બારીને કનકદાસની બારી કહે છે.

'દાદા' થયા પહેલાં

૮

ગોકર્ણની યાત્રા

લંકાપતિ રાવણ હિમાલયમાં જઇને તપશ્ચર્યા કરવા બેઠો. એની માએ એને મોકલ્યો હતો. શિવપૂજક મહાન સમ્રાટ રાવણની મા શું મામુલી પથરાના લિંગની પૂજા કરે ? એણે દીકરાને કહ્યું, 'જા બેટા, કૈલાસ જઇ મહાદેવ પાસેથી જ એનું આત્મલિંગ લઇ આવ. તો જ મારે ત્યાં પૂજા થઇ શકે.' માતૃભક્ત રાવણ ઉપડયો. માનસ સરોવરમાંથી રોજ સહસ્ર કમળ તોડી કૈલાસનાથની પૂજા કરવા લાગ્યો. તપશ્ચર્યા હજાર વરસ ચાલી. એક દિવસ, કોણ જાણે શાથી, નવ કમળ ઓછાં આવ્યાં. પૂજા કરતાં કરતાં ઉદાય નહિ અને સહસ્રની સંખ્યામાં એક પણ કમળ ઓછું હોય એ ચાલે નહિ. હવે શું થાય ? આશુતોષ મહાદેવ શીઘ્રકોપી છે. સેવામાં જરાક ન્યૂનતા આવે તો સર્વનાશ જ. રાવણની બુદ્ધિ કે હિંમત કાચા હતી જ નહિ. તેણે એક એક શિરકમળ ઉતારી ચડાવવા માંડયું. આવી ભક્તિથી શું ન પ્રાપ્ત થાય ? ભોળાનાથ રાજી થયા. કહેવા લાગ્યા, 'વર માગ, વર માગ. જેટલું માગે તેટલું ઓછું.' રાવણે કહ્યું, 'મા પૂજામાં બેઠી છે. તારૂં આત્મલિંગ જોઇએ છે.' શબ્દ નીકળવાની જ વાર. શંભુએ હૃદય ફાડી આત્મલિંગ કાઢી આપ્યું.

ત્રિભુવનમાં હાહાકાર વર્તી ગયો. દેવોના દેવ મહાદેવ આત્મલિંગ આપી બેઠા ! અને તે પણ કોને ! સુરાસુરના કાળ રાવણને ! હવે ત્રિલોકનું શું થશે ! બ્રહ્મા વિષ્ણુ પાસે દોડયા. લક્ષ્મી સરસ્વતીને પુછવા ગયાં. ઇન્દ્ર મૂર્છિત થયો. આખરે વિઘ્નનાશક ગણપતિની સૌએ આરાધના કરી અને કહ્યું, 'ગમે તે કરજે, પણ આ લિંગ લંકા પહોંચવા ન પામે એમ કરજે.'

મહાદેવે રાવણને કહ્યું હતું, 'લે આ લિંગ, જ્યાં જમીન પર રાખીશ ત્યાં જ સ્થિર થઇ જશે. મહાદેવનું લિંગ પારા કરતાં યે ભારે. રાવણ લઇને પશ્ચિમ સમુદ્રને કીનારે કીનારે જતો હતો. સાંજ પડવા આવી હતી. રાવણને લઘુશંકાની હાજત થઇ. શિવલિંગ હાથમાં રાખી બેસાય નહિ; જમીન પર તો કેમ જ રખાય ? આ મુંઝવણ ચાલતી હતી ત્યાં દેવોના સંકેત પ્રમાણે ગણેશજી ભરવાડના છોકરાનું રૂપ લઇને ગાયો ચારતા પ્રગટ થયા. રાવણ કહે, 'અલ્યા છોકરા, આ લિંગ જરાક ઝાલ જોઉં. જમીન પર રખે મુકતો.' ગણેશ કહે, 'આ છે તો ભારે. થાકી જઇશ તો ત્રણ વાર બુમ પાડીશ. એટલામાં તું આવ્યો તો ઠીક, નહિ તો પછી તારી વાત તું જાણે.'

હાજત તો લઘુશંકાની જ હતી. એને કેટલી વાર લાગે ? રાવણ બેઠો. કોણ જાણે આજ એના પેટમાં સાત સમુદર ભરાઇ રહ્યા હતા ! જનોઇ કાને ભેરવી એટલે તો બોલાય પણ નહિ ! સિદ્ધિવિનાયકે કરાર પ્રમાણે ત્રણવાર રાવણના નામની બુમ પાડી અને 'અરરરર'ની ચીસ પાડી લિંગ જમીન પર મુકી દીધું ! મુકયું કે પાતાળ સુધી તે પહોંચી પણ ગયું. રાવણ ક્રોધે રાતો થઇને આવ્યો અને ગણપતિના કપાળમાં ભડાક દઇને મુક્કો માર્યો. ગજાનનનું માથું લોહીલોહાણ થઇ ગયું.


પછી રાવણ દોડયો લિંગ ઉખેડવા. પણ તે વાત તો હવે અશકય હતી. પાતાળ સુધી ગએલું લિંગ હાથમાં કેમ આવે ? આખી ધરતી ધ્રુજે પણ લિંગ બહાર આવે નહિ. આખરે રાવણે લિંગ ઝાલી આમળી નાખ્યું; એટલે એના ચાર કકડા હાથમાં આવ્યા. નિરાશાના આવેશમાં તેણે ચારે કકડા ચાર દિશામાં ફેંકી દીધા અને બીચારો લંકા પાછો ગયો.

આમળેલા લિંગનો મુખ્ય ભાગ જે રહ્યો તેજ

ગોકર્ણ–મહાબળેશ્વર. આખી પૃથ્વી પર એના કરતાં વધારે પવિત્ર તીર્થસ્થાન નથી.

ગોકર્ણ મહાબળેશ્વર કારવાર અને અંકોલા એ બે બંદર વચ્ચે આવેલા તદડી બંદરથી છએક માઇલ દક્ષિણે બરાબર સમુદ્રને કાંઠે આવેલું છે. દક્ષિણ દેશમાં કાશી કરતાં યે એનું માહાત્મ્ય વધારે છે. લિંગ મોટે ભાગે જમીનની અંદર જ છે. તેની જળાધારીમાં વચ્ચોવચ એક મોટું કાણું રાખેલું છે, તેમાંથી અંદર અંગુઠો નાખીએ ત્યારે અંદરના લિંગનો સ્પર્શ થાય. દર્શનનો તો સવાલ જ નહિ. ત્યાંના પૂજારીઓ કહે છે કે લિંગની શિલા અત્યંત સુંવાળી છે. ભક્તોના સ્પર્શથી એ ઘસાઇ જાય છે, તેથી પ્રાચીન લોકોએ આ વ્યવસ્થા કરી છે. ઘણા વખત પછી શુભ શુકન થાય એટલે જળાધારી કાઢી આજુબાજુનું ચણતર દૂર ખસેડી મુળ લિંગ બે ત્રણ હાથ ઉંડે સુધી ખુલ્લું કરે છે. અમુક મહીના સુધી ખુલ્લું રાખ્યા પછી મોતીચુનો બનાવી આસપાસનું ચણતર ફરી ચણી નાખે છે. આ ક્રિયાને, હું ભુલતો ન હોઉં તો, ' અષ્ટબંધ ' કે એવું જ કંઇક નામ આપેલું છે.

અમે કારવાર હતા ત્યારે એકવાર કપિલાષષ્ઠી જેવો દુર્લભ અષ્ટબંધનો એ યોગ આવ્યો. પિતાશ્રી, બાઇ અને હું, અમે ત્રણ જણાં જ એ યાત્રાએ ગયાં. તદડી બંદર ઉપર મને તેડી લેવા માટે કૂલી કરવામાં આવ્યો હતો. એના ખભા પર બેસી હું ગોકર્ણ ગયો. કોટિતીર્થમાં નહાયો. ગોકર્ણ–મહાબળેશ્વરનું દર્શન કર્યું. સ્મશાનભૂમિ અને તેની રખવાળી કરનાર હરિશ્ચંદ્રનું દર્શન કર્યું. હાડકાં નાખીએ તો હાડકાં ઓગળી જાય એવા પાણીવાળું એક તીર્થ જોયું.



અહલ્યાબાઇના અન્નછત્રમાં તે સાધ્વીનું બાવલું જોયું. માથે ઘવાએલા એ હાથવાળા ગજાનનનું દર્શન કર્યું. બ્રહ્માની એક મૂર્તિ જોઈ. અને સૌથી અગત્યની વાત તે રાવણની પેલી પ્રખ્યાત લઘુશંકાનો કુંડ પણ જોયો. આજે પણ તે ભરેલો હોય છે ને નાક ફાડી નાખે એટલો ગંધાય છે. બીજું ઘણું જોયું હશે, પણ આજે તે યાદ નથી. હા, આ પ્રદેશની ખાસિયત તો કહેવી ભુલી જ ગયો. ઘર ગરીબનું હોય કે તવંગરનું, જમીન તો ગારાની, પણ કાળા આરસપહાણ જેવી સખત અને ચકચકતી જ હોય. સાચ્ચે જ, અંદર મોઢું દેખાય ! ગરમીના દિવસોમાં બપોરે કંઇ પણ પાથર્યા વગર માણસ એ ગારાની છો પર સુખેથી સુઇ શકે. વખતોવખત આ જમીન છાણ ને મેશ ભેળવી તેનાથી લીંપવામાં આવે છે. પણ આ લીંપણ હાથ વતી થાય નહિ. સોપારીના ઝાડ પર એક જાતનું પુંઠું તૈયાર થાય છે. તેના વતી જમીન ઘસીઘસીને ઓપવામાં આવે છે. આ પુંઠાંને ત્યાંની ભાષામાં ' પોવલી ' કહે છે.

ગોકર્ણથી પાછા આવતાં તદડી સુધી દરિયાવાટે વાફર અથવા સ્ટીમલૉંચમાં બેસીને જવાનો વિચાર રાખેલો. મોસમનું તોફાન શરૂ થવાને બહુ જ થોડા દિવસ હતા. આઠ દિવસ પછી આગબોટો પણ બંધ થવાની હતી. એટલે પાછા જનાર યાત્રાળુઓની ભીડ પાર વગરની હતી. તદડી બંદરેથી ચડનાર લોકોને સ્ટીમરમાં જગ્યા મળે કે નહિ એની જ શંકા હતી. એટલા માટે જ અમે સ્ટીમલૉંચમાં બેસી સ્ટીમર સુધી વહેલા પહોંચવાનું પસંદ કર્યું હતું.

ગોકર્ણનું બંદર કંઇ બાંધેલું નથી. કાંઠેથી છાતી જેટલા પાણી સુધી તો ચાલીને જવું પડતું. ત્યાં એક હોડીમાં બેસી સ્ટીમલૉંચ સુધી જવું પડતું. જુવાન લોકો હોડી સુધી ચાલતા જાય. બૈરાંછોકરાં તો કૂલીની ખાંધે બેસી અથવા બે કૂલીના હાથની પાલખી બનાવી તેના પર બેસી જાય.

શરૂઆતમાં જ એક અપશુકન થયા. એક ગરીબ ડોશી ખુબ સ્થૂળ હતી. પણ બે કૂલી કરવા જેટલા પૈસા એની પાસે ન હતા. એણે એક કૂલીને સહેજ વધારે મજુરી આપવાની લાલચ બતાવી પોતાને ખાંધે ઉપાડી જવાનું કબુલ કરાવ્યું. પેલો લોભી હતો દુબળો. એ કાંઠે બેઠો. વિધવા ડોશી એને ખંધોલે સવાર થઇ. પણ કુલી ઉઠવા જાય છે ત્યાં તો બંને તોલ

ગુમાવી ગબડી પડ્યાં. એટલામાં એક અદેખા મોજાએ દોડતા આવી બંનેને કૃતાર્થ કર્યાં.


બોટ લગભગ છેલ્લી હોવાથી ગોકર્ણમાં પણ યાત્રીઓ ઘણા હતા. તે બધા સ્ટીમલૉંચમાં કેમ માય ? એટલે સો માણસો બેસી શકે એવડો મોટો એક પડાવ, એટલેકે હોડી, સ્ટીમલૉંચની પાછળ બાંધી દેવામાં આવી હતી, અને એની પાછળ કસ્ટમ ખાતાના એક અમલદારની સફેદ હોડી બાંધવામાં આવી હતી. ખાનગી હોડીઓનાં હલેસાં કડછી જેવાં ગોળ હોય છે, જ્યારે કસ્ટમવાળાઓનાં હલેસાં ક્રિકેટ બૅટ જેવાં લાંબાંલાંબાં ને ચપટાં હોય છે.

અમારો સંઘ સવેળા ઉપડ્યો. એકબે માઇલ ગયા હોઇશું એટલામાં આકાશ વાદળાંથી ઘેરાયું. પવન જોરથી ઘુઘવવા લાગ્યો. ભારે ઉજાણી મળી ગઈ હોય તેમ મોજાં જોરથી ઉછળવા લાગ્યાં. હોડીઓ ડોલવા લાગી અને સ્ટીમલૉંચ પરનું તાણ પણ વધવા લાગ્યું. અરે ! આ શું ? ટીપાં ! વરસાદનાં ટીપાં ! મોટાંમોટાં બોર જેવડાં ટીપાં ! હવે શું થશે ? મોજાં જોરજોરથી ઉછળવા લાગ્યાં. સ્ટીમલૉંચ તોફાની ઘોડાની પેઠે ઉપરનીચે કુદવા લાગી. પાછળની હોડીનાં રાંઢવાં કર્‌ર્‌ર્ કર્‌ર્‌ર્ અવાજ કરવા લાગ્યાં. એટલામાં સ્ટીમલૉંચ અને હોડી વચ્ચે એવું તો એક મોટું મોજું આવ્યું કે હોડી દેખાય જ નહિ!

હું સ્ટીમલૉંચમાં બૉઇલર પાસેની પાટિયાંની ઓટલી પર બેઠો હતો. અમારા ટંડેલને બનતી ઉતાવળે સ્ટીમર સુધી પહોંચવું હતું. એણે સ્ટીમલૉંચ ગાંડાની પેઠે પુરજોશમાં છોડી દીધી. પાટિયું ગરમ થયું. હું દાઝવા લાગ્યો. શું કરવું એ સુઝે નહિ. જરા ખસવા જાઉં તો 'સમુદ્રાસ્તૃપ્યન્તુ' થવાય ! અને બેસવું તો લગભગ અશક્ય ! આ મુંઝવણમાંથી ભયંકર રીતે છુટકારો મળ્યો. સમુદ્રનું એક પ્રચંડ મોજું ચડી આવ્યું અને એણે મને નખશિખાન્ત નવડાવી દીધો. હવે ઓટલી ગરમ રહે જ શાની ? પિતાશ્રી મુંઝાયા. આઇને તો કુળદેવનું સ્મરણ સુઝ્યું: 'મંગેશા ! મહારુદ્રા ! માયબાપા ! તૂચ આનાં આમાસા તાર.' વરસાદ મુશળધાર પડવા લાગ્યો. અમે સ્ટીમલૉંચવાળા કંઇક સુરક્ષિત હતા. પણ પેલા હોડીવાળાઓનું શું !

શરૂશરૂમાં તો સ્ટીમલૉંચને પાણી કાપવાનું હોવાથી તેમાં પાણી સહેલાઇથી આવતું. જ્યારે હોડીને દરેક આવતા મોજા પર સવાર જ થવાનું હોવાથી હોડી ગમે તેટલી ડોલે તોપણ પાણી અંદર આવતું નહિ. પણ જ્યારે પવન અને વરસાદ વચ્ચે હરીફાઇ શરૂ થઇ અને બંનેનું અટ્ટહાસ્ય વધ્યું ત્યારે એક જ મોજા સાથે અડધો હોડી ભરાઇ જવા લાગી. મોજાં સામેથી આવે ત્યાં સુધી તો ઠીક; હોડી મોજાં પર ચઢી પેલી પાર પસાર થતી. ઘડીકમાં મોજાંના શિખર પર તો ઘડીકમાં બે મોજાં વચ્ચેની ખીણમાં. કોકકોકવાર એક મોજા પરથી હોડી ઢળી પડે એટલામાં જ નીચેથી નવું મોજું ઉપસી આવી હોડીને અદ્ધર ઝીલી લેતું. આવી અણધારી ઢીલચાલથી અંદર ઉભેલા લોકો ધડાધડ પડી જતા.

પણ હવે મોજાં બાજુએથી અથડાવા લાગ્યાં. હોડીની અંદરનાં બૈરાંછોકરાંને તો પોક મુકી રોવાનો જ એક ઇલાજ હતો. જેટલા જવાંમર્દ હતા તે બધા ડોલ ગાગર કે ડબો જે હાથમાં આવે તે લઇ ભરીભરીને પાણી બહાર કાઢતા. ફાયર એન્જીનના પંપ એથી વધારે ઝડપથી શું કામ કરી શકે ? હોડી માંડ ખાલી થઇ જાય એટલામાં એકાદ ક્રૂર મોજું વિકટ હાસ્ય કરી 'ધા ... ડ' દઇને હોડીના પાસા પર અથડાય અને અંદર ચડી બેસે. એ વખતની ચીસો અને કીકિયારીઓ કાનને ફાડી નાખતી હતી, કાળજાં ચીરી નાખતી હતી. કોઇ યાત્રીઓ અવધૂત દત્તાત્રેયના 'ધાવા' લલકારવા લાગ્યા, તો કોઇ પંઢરપુરના વિઠોબાને બોલાવવા લાગ્યા. કોઇ અંબાભવાનીની માનતા રાખે તો કોઇ વિઘ્નહર્તા ગણેશને બોલાવે. શરૂશરૂમાં સ્ટીમલૉંચનો ક-પ્તાન અને ખલાસીઓ અમને સૌને ધીરજ આપતા અને કહેતા, 'અરે તમે ડરો છો શાના ? જુમ્મેદારી અમારી છે. અમે તો એવાં કેટલાં યે તોફાનો



જોઈ નાખ્યાં છે.' પણ જે જોતામાં મામલો એવો વધી ગયો કે કપ્તાનનું પણ મોઢું ઉતરી ગયું. એ કહેવા લાગ્યો, 'બાપુ, હવે રોયે શો લાભ ? માણસને એક વાર મરવું તો છે જ. પછી તે પથારીમાં હોય કે ઘોડા ઉપર, શીકારમાં કે દરિયામાં. તમે જુઓ છો, અમારાથી બનતું અમે કરીએ છીએ. પણ ઇનસાનના હાથમાં છે શું ? માલક કરે તે ખરૂં.' એના મોં તરફ હું તાકીને જોતો હતો. મુસાફરીએ ઉપડતાં પહેલાં જે માણસ ગાજર જેવો લાલચૂમ હતો તે હવે અળવીનાં પાન જેવો લીલોલીલો થઇ ગયો હતો!

હું એ વખતે સાવ બાળક તો હતો; પણ ગંભીર પ્રસંગે બાળક પણ પ્રસંગને સમજી શકે છે. પળેપળે હું સ્થાનભ્રષ્ટ થતો હતો. માંડ બે હાથે પકડીને મારૂં સ્થાન સાચવતો હતો. અમારો બધો સામાન એક બાજુ પર પડ્યો હતો. એનો તો ભાવ જ કોણ પુછે ? પણ પુજાની બધી મૂર્તિઓ અને નાળિયેર નેતરની એક 'સાંબળી' (ડબા)માં રાખેલાં હતાં તે હું મારી ગોદમાં લઇને બેસતાં ભુલ્યો ન હતો. મારા મનમાં કેવા કેવા વિચારો આવતા હતા ! એ જમાનો મારી મુગ્ધ ભક્તિનો હતો. રોજ સવારે બબ્બે કલાક તો મારૂં ભજન ચાલતું. જનોઈ દીધેલી નહિ એટલે સંધ્યાપૂજા ક્યાંથી કરાય ? છતાં પિતાશ્રી પૂજામાં બેસે ત્યારે ત્યાં બેસી મદદ કરવામાં ખુબ રસ આવતો. મનમાં વિચાર આવ્યો કે આજે જો ભાગ્યમાં ડુબી જવાનું હશે તો આ દેવોની સાંબળી છાતીસરસી ચાંપીને જ ડુબી જઇશ. બીજી ક્ષણે વિચાર આવ્યો, જો આઇના દેખતાં લૉંચમાંથી પાણીમાં ઉછળી પડીશ તો આઇની શી દશા થશે ? એ વિચાર એટલો તો અસહ્ય થઇ ગયો કે શ્વાસ રૂંધાયો. છાતીમાં પથરો વાગ્યો હોય એમ દુખવા લાગ્યું. મેં ગળગળો થઈ મનમાં જ ઇશ્વરની પ્રાર્થના કરી કે જો ડુબાડવાં જ હોય



તો આઈ અને હું એકબીજાને બાથમાં લઇ ડુબી જઇએ એટલું કરજે.

દરેક બાળકને મન એના પિતા એટલે ધૈર્યના સાગર આભ તુટે પણ પિતા ધીરજ ખોઇ ન બેસે એવી તો બાળકને હમેશાં ખાતરી. એટલે આવો પ્રસંગ જ્યારે બને ત્યારે પિતાને પણ દિગમૂઢ થએલા, બેબાકળા બનેલા બાળક જુએ છે ત્યારે તો બાળકને કંઈનું કંઇ થઇ જાય છે. હું તોફાનથી એટલો ડર્યો ન હતો, વરસાદથી એટલો ડર્યો ન હતો, 'માણસ ગંધાય, માણસ ખાઉં' કરીને મોં વકાસતા આવતાં મોજાંથી પણ એટલો ડર્યો ન હતો, જેટલો પિતાશ્રીનો મુંઝાએલો ચહેરો જોઈ અને ગળગળો અવાજ સાંભળીને ડર્યો.

જે તે ટંડેલને પુછે, 'હવે કેટલે આવ્યા છીએ ? હવે કેટલું બાકી છે ?' ચારે તરફ જ્યાં નજર નાખીએ ત્યાં વરસાદ, પવન, મોજાંનું તાંડવ ! આટલો વરસાદ પડ્યો પણ આકાશ કંઇ ઉઘડ્યું જ નહિ. મેં ટંડેલને કરગરીને કહ્યું, 'લૉંચ જરા કીનારા તરફથી લઇ જાઓને, કે ડુબી જઇએ તો કેટલાક તો કાંઠા સુધી તરીને જાય !' ટંડેલ ઉત્સાહ વગરનું હાસ્ય કરીને બોલ્યો, 'કેવો બેવકૂફ છોકરો ! કીનારાથી જેટલા દૂર છીએ તેટલા જ સુરક્ષિત છીએ. જરાક પાસે ગયા કે ખડક પર ચુરેચુરા થઈ જવાના. આજે તો જાણીજોઇને અમે કીનારાથી દૂર રહ્યા છીએ. સ્ટીમર સુધી પહોંચીએ એટલે કમાયા. આજે બીજો આરો નથી.'

મેં કોઈ કાળે પુખ્ત ઉમરના લોકોને એકબીજાને વળગીને રોતાં જોયાં ન હતાં. તે દશ્ય આજે પેલી હોડીમાં જોયું. ત્યાં તો સ્ત્રીપુરુષો એકબીજાને બાથમાં લઇને રડારોળ કરતાં હતાં. એક બે-ત્રણ છોકરાંની મા બધાંને એકસામટાં બાથમાં લેવા મથતી હતી. બસ, પાંચપચાસ જવાંમર્દ તનતોડ મહેનત કરી દરીઆ સાથે અસમાન યુદ્ધ લડતા હતા. તોફાન એટલું તો વધી પડ્યું અને લૉંચ તથા હોડી એટલી બધી ડોલવા લાગી કે લોકો બકતા માથી રોતા બંધ થયા. એક કાળી છાયા બધે ફેલાઈ. ભાનમાં હતા એક પેલા હોડીમાંના બહાદુરો, અને બીજા કાળા

કાળા અંગરખા પહેરેલા સ્ટીમલૉંચના ખલાસીઓ. અમારો ટંડેલ હુકમ છોડતાં કાંક અમને મુંઝાતો હતો, પણ ખલાસીઓ બરાબર એકાગ્ર થઈ વગર ભુલ્યે, વગર મુઝાયે પોતપોતાનું કામ કર્યે જતા હતા. કર્મયોગ શું આથી જુદો હશે ?

આખરે તદ્દી બંદર આવ્યું. અમે સ્ટીમરને જોઈએ તે પહેલા જ સ્ટીમરે અમારી લૉંચને જોઇ લીધી. સ્ટીમરે ભુંગળું વગાડ્યું: ભોં... ...જાણે બધાંની કરુણ વાણી સાભળી ઇશ્વરે 'મા ભૈ:'ની આકાશવાણી ઉચ્ચારી ! અમારી સ્ટીમલૉંચે પોતાના તીણા અવાજે જવાબ વાળ્યો. સૌનાં હૈયાંમાં આશાના અંકુર ઉગ્યા. બધે એક જ જયજયકાર થયો.

એટલામા જાણે છેલ્લો પ્રયત્ન કરી જોવા અને અમારાં બધાંનાં ભાગ્ય સામે હારતાં પહેલાંની છેલ્લી લડત ચલાવવા ખાતર એક મોટું મોજું અમારી લૉંચ ઉપર ધસી આવ્યું. મારા પિતાશ્રી બેઠા હતા ત્યાંથી પાછળ પડી ગયા. મેં એક કારમી ચીસ પાડી. અત્યાર સુધી હું રોયો ન હતો. જાણે તેનું સાટું એક જ ચીસમાં વાળવું હતું. બીજી જ ક્ષણે પિતાશ્રી બેઠા થયા અને મને છાતીસરસો ચાંપી કહ્યું, 'દત્તુ, બીશ મા. મને કંઈ થયું નથી.

અમે સ્ટીમર પાસે પહોંચી ગયા. પણ પાસે જવાની હામ કોણ ભીડે ? કસ્ટમવાળી બોટ એ લોકોએ ક્યારની છોડી હતી, કેમકે લૉંચ અને મોટી હોડીના હેલા એ ખમી શકતી ન હતી. એની સલામતી તો છુટા થવામાં જ હતી. અમારી સ્ટીમલૉંચ દૂરથી સ્ટીમરની પ્રદક્ષિણા કરી વળી, પણ કેમે કર્યે પાસે આવવાનો લાગ મળે નહિ. મોજાંથી જો સ્ટીમર સાથે અથડાય તો એક છેલ્લી ઘડીએ બધાંના ભુક્કા ઉડી જાય. આખરે ઉપરથી રાંઢવું ફેંકાયું અને ખલાસીઓ લૉંચનાં છત ઉપર ઉભા થઇ લાંબા લાંબા વાંસ વતી સ્ટીમરની દીવાલ સાથેની અથડામણ રોકવા લાગ્યા. મોજું લૉંચને ફેંકી દેવા જાય ત્યાં ખલાસીઓ પોતાના લાંબા લાંબા વાંસની અણીની ઢાલ બનાવી બધો માર પોતાના હાથ અને પગપર ઝરવી લે. છતાં આખરે સ્ટીમરની સીડી પર સ્ટીમલૉંચની છત અથડાઈ અને કડડડ દઇને એક લાંબું પાટિયું તુટીને સમુદ્રમાં પડયું.

હું પાસે જ હતો, એટલે સ્ટીમરમાં ચડવાનો પહેલો વારો મારો જ આવ્યો. ચડવાનો શાનો ? દડાની પેઠે ફેંકાઈ જવાનો. ટંડેલ પોતે અને બીજો એક ખલાસી સ્ટીમલૉંચમાં ઉભા રહી એક એક માણસને પકડી સ્ટીમરની સીડીને સૌથી નચલે પગથિયે ઉભેલા ખલાસીના હાથમાં ફેંકી દે. એમાં ખાસ સાવચેતી એ રાખતા કે મોજાંની ખીણમાં લૉંચ ઉતરી હોય ત્યારે તાકીને રાહ જુએ, અને બીજી ક્ષણે મોજાંના શિખર પર લૉંચ આવે અને સીડી સાવ પાસે આવી ગઈ હોય ત્યારે ઝટ દઇને માણસને ફેંકી દે ! બંને બાજુના ખલાસીઓ જો માણસના હાથ પકડી જ રાખે તો બીજી જ ક્ષણે લૉંચ ખીણમાં ઉતરે ત્યારે માણસના ધડાને ચીરા જ થઇ જાય ! હું ઉપર ચડ્યો અને પાછો વળીને આઈ આવે છે કે નહિ તે જોવા લાગ્યો. સાવ અજાણ્યા મુસલમાનને આઇનાં બાવડાં ઝાલતો જોઇને મને કંઇ ને કંઇ થઈ ગયું. પણ એ તો પ્રાણ બચાવવાનો વખત હતો. ત્યાં કંઇ સુંવાળી લાગણીઓ કામ આવે ? જરાક થોભ્યા ત્યાં તો પિતાશ્રી પણ આવી ગયા. દેવોની 'સાંકળ' તો મેં ખભે ભેરવી હતી. અમને

તારા

: ઈન્દ્રવજ્ર :

ચન્દ્રવદન ચીમનલાલ મહેતા



આકાશ તારા ગણતાં જતાં'તાં,
ખાલી ગપાટા કંઇ હાંકતાં'તાં;
ઈલા હતી આગળ, હું પછાડી,
તારા સજેલી હતી વ્યોમવાડી.

'તારા ઊગે છે નભમાંહીં ધોળા,
તારા તણા આપણા બે ય ઓળા;
ને આપણા જો! થઇ પંથ છાય,
ઓળા પણે બે ભળી એક થાય.'

ઈલા મુખે એક નચિંત રેખ,
એણે ગણી વાત જ અલ્પ છેક;
'હો, હો ! તું મોટો ફિલસૂફ કેની ?
તે હે.ય જાણે સહુ જાણ્યુ એના !'



તારો ખરંતો નભથી નિહાળી,
પુછ્યું ભરાતાં મન વ્હેમ ખાલી;
'તારા નથી રક્ષિત વ્યોમમાં યે,
શી રીત તો આપણ બે ય ક્યાંયે ?'


ઈલા વદી, 'ભાઇ ! ન હોય શોક;
કેવા હશે જે વળી દેવલોક !
તારા સમાં આપણ જો ખરીશું,
તારા થઇ સ્વર્ગ મહીં રહીશું.'

ઉપર સારી જગ્યા શોધી બેસાડી પિતાશ્રી પાછા સામાન લાવવા ગયા. હું શ્રદ્ધાળુ છોકરો ખરો, પણ તે ક્ષણે પિતાશ્રી પર ખરેખરી ચીડ ચડી. બળ્યો બધો સામાન ! જીવ જોખમમાં નાખવા પાછા શું કામ જતા હશે ! પણ તેઓ તો ત્રણ ફેરા જઇ આવ્યા. છેલ્લે ફેરે પાછા આવીને કહે. ' ગોકર્ણ મહાબળેશ્વરના પ્રસાદનું નાળિયેર પાણીમાં પડી ગયું !' એક જ ક્ષણે આઇ અને હું બોલી ઉઠ્યાં. આઇએ કહ્યું, ' અરેરે ! ' અને મેં કહ્યું. ' એટલું જ કેની ?'

લૉંચવાળા ઉતારૂઓ ચડ્યા પછી હોડીવાળાનો વારો આવ્યો અને તેઓ બધા ચડ્યા. ત્યાર પછી લૉંચ અને હોડી નિશાચર ભૂતોની પેઠે ચીસો પાડતી તદડીના કીનારા ભણી ગઇ અને કીનારા પર ન-પશ્ચર્યા કરતા બેઠેલા યાત્રાળુઓને હફતે હફતે લાવવા લાગી. તોફાન હવે કંઇક શમ્યું તો હતું, પણ અંધારી રાત અને ઉછળતાં મોજાં વચ્ચે એ લોકોના જે હાલહવાલ થયા તેનું વર્ણન કોણ કરી શકે ?

સ્ટીમર યાત્રાળુઓથી ચીકાર ભરાઇ ગઇ. જે બોલે તે પોતાનો સામાન સમુદ્રમાં ડુબી ગયાની વાતો જ બોલે. આખરે યાત્રાળુઓ બધા આવી ગયા. મહેર માલિકની કે એકે જીવનું નુકસાન ન થયું. સ્ટીમર ઉપડી અને પછી લોકો પોતપોતાની જુની મુસાફરીનાં આવાં જોખમનાં સ્મરણ એક-બીજાને કહી આજનું દુઃખ ઓછું કરવા લાગ્યા. રાત્રે લાંબા વખત સુધી કોઇને ઉંઘ ન આવી. હું ક્યારે ઉંઘ્યો. કારવાર બંદર ક્યારે આવ્યું. અને અમે ઘેર ક્યારે પહોંચ્યા, એમાંનું કશું આજે યાદ નથી. પણ તે દિવસનો તે તોફાનનો પ્રસંગ જાણે ગઇ કાલે જ વીત્યો હોય એવો સ્મરણપટ પર તાજો છે. સાચે જ, ' દુઃખં સત્યં સુખં મિથ્યા દુઃખં જન્તોઃ પરં ધનમ્ '


['મધપુડા' પરથી] દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર



પૈસાની થોકડીની ગમ્મત—બાજુએ બતાવેલી આ રમત શરૂઆતમાં એકલા મહાવરો પાડીને સિદ્ધ કરી રાખજો.

એક રકાબીમાં થોડા પૈસાની થોકડી ગોઠવવી. રકાબીને બદલે કંઇ પણ સપાટ ચીજ ચાલે. પછી તે ચીજને ઉપરનીચે ગોળાકારે હલાવીને એવી સફાઇથી આંચકો મારવો કે પૈસાની થોકડી જરા યે વિખરાયા વિના અકબંધ ટેબલ પર જઇ પડે.

અખતરા દાખલ પહેલાં ચોપડી ઉપર આ રમત કરી જોવી, કેમકે રકાબી તુટી જવાનું જોખમ છે. પૈસાની થોકડી બહાર લાવી દેવામાં ઘણી જ સિફત અને ઝડપની જરૂર છે. થોકડી નીચેનો ચોપડી કે રકાબીનો ટેકો આછો આંચકો મારી એવી સફાઇથી ખેંચી લેવો કે થોકડી વિખરાયા વિના આસ્તેથી ટેબલ પર જઇ ગોઠવાઇ જાય. એમાં જ ખરી ખુબી છે.



બાજુના ચિત્રમાં બતાવેલી જુદીજુદી છ ગમ્મતોની વિગત આ નીચે આપી છે :

(૧) કપાય પણ તુટે નહિ: બે મજબુત ખુરશીની ઉપર પુલની પેઠે બરફનું એક મોટું ચોસલું રાખો અને તેની વચ્ચે ફરતો તાર બાંધી નીચે ભારે વજન લટકતું રાખો. એકાદ કલાક પછી જોશો તો વજનના ભારથી તાર બરફ કાપી નાખી વજનને લઇને નીચે પડ્યો હશે, પણ બરફના ટુકડા નહિ થયા હોય. અરે, તે પર કાપ સરખો યે જણાશે નહિ ! કારણકે તારનો કાપ ઊંડો જતો જાય તેમ ઉપરથી બરફ પાછો હદાવી મળી જાય !


(૨) દીવાની જ્યોત ક્યાં જતી હશે ? સળગતી મીણબત્તીની જ્યોત ઉપર તારની જાળીનો કટકો ધરશો તો તેની આરપાર જ્યોત નહિ નીકળે. એનું કારણ એ છે કે પેલી તારની જાળી ગરમી ખેંચી લે છે. કોલસાની ખાણોમાં 'ડેવી સેફ્ટી લૅમ્પ' નામનાં તારની જાળી બાંધેલાં ફાનસો વપરાય છે તેમાં મુળ આ જ સિદ્ધાંત છે. આસપાસ સળગી ઉઠે એવા ગ્યાસ હોય ત્યાં પણ એ ફાનસો નીરાંતે લઈ જઈ શકાય છે.

(૩) રૂમાલ, સક્કરજન અને તલવારની રમતઃ બારીક મલમલના અથવા રેશમના રૂમાલમાં એક બટેટું કે સક્કરજન બાંધીને ખુલ્લી જગ્યાએ લટકતું રાખો. પછી એક લાંબા ધારદાર છરા કે તલવાર વડે નીચેથી ઉપરની બાજુએ ઝટકો મારો. ઝટકો બરોબર લાગશે તો રૂમાલમાં બટાટા કે સક્કરજનના બે કટકા થઈ ગયા હશે પણ રૂમાલને કાપ પણ નહિ પડે. કારણકે તે ધારની સાથે જ અંદર ગયો હશે.


(૪) કાગળની માછલી તર્યા કરેઃ કાગળની એક કાપલીમાંથી નાની માછલી કાપી કાઢી તેની વચ્ચે એક ગોળ કાણું પાડો અને તે કાણાથી પૂંછડી સુધી એક ખાંચ પાડો. પછી એક રકાબીમાં તેને તરતી મુકીને પેલા ગોળ કાણામાં તેલનું એક ટીપું નાખો. તે વખતે પાણી પેલી ખાંચમાંથી અંદર આવશે ને તેલ તેનો અટકાવ કરશે, એટલે માછલી આમતેમ ધક્કેલાશે. આથી બહુ રમુજ મળશે.

(૫) સાબુથી નાસે ને સાકર તરફ ખેંચાય ! એકાદ તપેલામાં પાણી ભરીને તેમાં તારા-કિરણોની જેમ દીવાસળીઓ ગોઠવો. પછી સાબુના એક નાના કટકાને છોલી અણીદાર કાંકરો બનાવી તે સળીઓની વચ્ચે અડાડશો કે સળીઓ તપેલાના કાંઠા તરફ નાસશે; પણ સાકરનો ગાંગડો વચમાં અડાડશો કે પાછી ભેગી થઈ જશે !

(૬) ગ્લાસમાંથી બે આનીને બહાર બોલાવાયઃ ટેબલ પર પાથરેલા કપડા ઉપર એક બેઆની રાખો; અને તેની બંને બાજુ એકેક પૈસો રાખી તે ઉપર ધાર આવે તેમ એક કાચનો ગ્લાસ ગોઠવો. હાથ લગાડ્યા સિવાય બેઆની બહાર આણવી હોય તો કપડાને આંગળીના નખ વતી ખેંચાય તેમ ખતારશો એટલે બેઆની એકલી બહાર ખેંચાઈ આવશે !



એક અંડાકાર આકૃતિમાંથી ચિત્રકારે પોતાની કલ્પનાવડે કેટલાં ચિત્રો ઉપજાવી કાઢ્યાં ! તમે પણ નવાં ઉપજાવવાનો યત્ન કરી જોજો.



ઉપરની જગ્યામાં જે ટપકાં પાડેલાં છે તેમાં નં. ૧ના ટપકાથી શરૂ કરી ક્રમસર નંબર પ્રમાણે પેનસિલ ફેરવતા જાઓ લીટી દોરતા જાઓ અને જે ગમ્મત થાય તે જુઓ.

અથાણું

તમે કાની. પેલા માણિલાલભાઈની વાત કરો છોને !

હા, મણિલાલભાઈની, એ તમને શા સગા થાય ?

સગા નહિ પણ અમે સંબંધી તો ખરા.

શો સબંધ ?

સંબંધ જેવું તો શું, પણ હવે—

ત્યારે શું તમારે એમની સાથે દોસ્તી છે?

દોસ્તી તો નહિ, પણ ઓળખાણ ખરી.

શી ઓળખાણ ?

ઓળખાણ, એટલે ખાસ તો કંઈ નહિ; પણ હું એમને મળ્યો છું ખરો.

કેવી રીતે મળ્યા હતા !

કેવી રીતે શું, એ તો સહેજ મળ્યા હતા.

પણ કંઈ વાતચીત તો થઈ હશે ને ?



આપણે ત્રણે હવે ક્યારે મળીશું?

ના, વાત તો કંઈ નહોતી થઈ.

ત્યારે કંઈક તો બોલ્યા હશોને!

ના, બોલ્યા તો નહોતા. પણ એનું કારણ છે કે તે વખત બોલવા જેવું હતું નહિ.

તે તમે ક્યારે મળેલા ?

ક્યારે શું વળી, હમણાં જ.

હમણાં એટલે બે ચાર દિવસ કે અઠવાડિયાં પહેલાં–

ના ના, બે ચાર દિવસ શેના ? એ તો જુઓને, આપણે, અગિયાર ને ચૌદ પચીસ ને ?

હાં હાં; સમજાયું, ચૌદ દિવસ પહેલાં ખરું ?

ના, ના, ચૌદ વર્ષ પહેલાં. એ તો એમ બનેલું કે ૧૯૧૧માં મુંબઈમાં પ્રદર્શન ભરાયું તે અરસામાં હું મુંબઈ ગયો હતો ત્યાં એ મોટરમાં પસાર થયા ત્યારે મેં ટ્રામમાંથી તેમને જોયા હતા !



દીવાળી એ તહેવારોનું અજાયબઘર (મ્યુઝિયમ) છે. અથવા એને બધા તહેવારોનું સ્નેહસંમેલન કહીએ તોપણ ચાલે. દીવાળીનો તહેવાર પાંચ દિવસનો ગણાય છે; પણ સાચું જોતાં તો છેક નવરાત્રિના ગરબાથી તેની શરૂઆત થાય, અને ભાઈબીજની ભેટમાં એ આનન્દ પરિસીમાએ પહોંચે છે.

દીવાળીના પર્વનાં મુળ અનેક કહેવાય છે, અને જુદા જુદા પ્રાંતોમાં તેને માટે જુદાં જુદાં કારણો મનાય છે.

બંગાળીઓ એમ માને છે કે મહાભારતનું યુદ્ધ જીત્યા પછી આ દિવસે પાંડવોની હસ્તિનાપુરમાં પધરામણી થઈ. દક્ષિણીઓ માને છે કે આસો વદ ચૌદશ, એટલે કાળીચૌદશને દહાડે શ્રીકૃષ્ણે નરકાસુરનો વધ કર્યો અને તેની ઉજવણી તરીકે તેને બીજે દહાડે દીવાળી ઉજવવામાં આવે છે. ગુજરાતીઓ માને છે કે આ દિવસે પરદુઃખભંજન વિક્રમ રાજા ગાદીએ બેઠો. અયોધ્યા નરકના લોકો એમ માને છે કે આ દિવસે રામે રાવણને મારીને સીતાજીને છોડવ્યાં.

દીવાળીના મુળમાં ગમે તે હો. કદાચ આ બધાં કારણોનો સંબંધ આ પ્રતાપી દિવસની સાથે જાણીજોઈને જોડી દેવામાં આવ્યો હોય. પણ આ બધાંનો સાર એ છે કે અધર્મ ઉપર ધર્મનો, પાપ ઉપર પુણ્યનો, અસત્ય ઉપર સત્યનો, અન્યાય ઉપર ન્યાયનો એ દિવસે વિજય થયો.

શાસ્ત્રોમાં દરેક તહેવારનું માહાત્મ્ય અને કથા આપેલાં હોય છે. દીવાળી વિષે એટલી બધી કથાઓ છે કે 'દીવાળી માહાત્મ્ય' લખવા બેસીએ તો એક મોટું પુરાણ થઈ જાય. ધનતેરશની કથા જુદી, કાળીચૌદશની જુદી, અમાસ (દીવાળી)ની તો વળી ખાસ કથા.

ધનતેરશ

ધનતેરશ વિષે એવી કથા છે કે ઇન્દ્રપ્રસ્થનો રાજા હંસ મૃગયા રમવા નીકળેલો. ફરતો ફરતો તે હૈમ નામના એક નાનકડા રાજાના રાજ્યમાં જઈ ચડ્યો. હૈમ રાજાએ તેનો સત્કાર કરી આતિથ્ય કર્યું. તે જ દિવસે હૈમને ત્યાં પુત્રજન્મ થએલો તેથી મોટો ઉત્સવ હતો. રાજા આનંદ કરે છે એવામાં ભવિતવ્યતાએ આવીને કહ્યું કે આ પુત્ર એના વિવાહ પછી ચોથે દિવસે સર્પદંશથી મરી જશે. હંસ રાજાએ હૈમના આ પુત્રને બચાવવાનો નિશ્ચય કર્યો, અને યમુના નદીના એક ધરામાં એક સુરક્ષિત ઘર બાંધી હૈમ રાજાને તેના પુત્ર સહિત ત્યાં રહેવાનું કહ્યું. સોળ વરસ પછી રાજપુત્રનો વિવાહ થયો. ચોથે જ દિવસે એવા દુર્ગમ સ્થાનમાં પણ સર્પ પ્રગટ થયો અને તેણે રાજપુત્રને દંશી તેના પ્રાણ લીધા. આનંદની ઘડી અપાર શોકની થઈ ગઈ. ક્રૂર યમદૂતોને પણ આ કરુણ પ્રસંગે દયા આવી અને તેમણે યમરાજ પાસે માગી લીધું કે દીવાળીના પાંચ દિવસમાં જેઓ દીપોત્સવ કરે તેમના ઉપર આવો કરુણ પ્રસંગ ન આવે.

કાળીચૌદશ

પુરાણોમાં કથા છે કે નરકાસુર નામનો એક

પરાક્રમી રાજા પ્રાગ્જ્યોતિષમાં રાજ્ય કરતો હતો. પ્રાગ્જ્યોતિષ એટલે હમણાંનો ભુતાનની દક્ષિણે આવેલો મુલક. નરકાસુર બીજા રાજાઓ જોડે લડતો તે તો ઘડીભર નભાવી પણ લેવાય; પરંતુ તે દુષ્ટ તો સ્ત્રીઓને પણ હેરાન કરવા માંડી. એના કેદખાનામાં સોળ હજાર રાજકન્યાઓ હતી. શ્રીકૃષ્ણે વિચાર કર્યો કે આ સ્થિતિ આપણને નામોશી લગાડનારી છે. હવે નરકાસુરનો નાશ કર્યે જ છુટકો. સત્યભામાએ કહ્યું, 'સ્ત્રીઓનો ઉદ્ધાર કરવા તમે જાઓ છો, ત્યાં હું કેમ ઘેર રહું? નરકાસુર સામે હું જ લડીશ. તમે મદદમાં ભલે રહેજો.'

શ્રીકૃષ્ણે કબુલ કર્યું. તે દિવસે રથમાં સત્યભામા આગળ બેઠાં હતાં; શ્રીકૃષ્ણ પાછળ મદદમાં હતા. કાળી ચતુર્દશીને દિવસે નરકાસુરનો નાશ થયો, દેશ સ્વચ્છ થયો, લોકોએ આનંદ કર્યો. નરકાસુરનો કાળો કેર દૂર થયો એ બતાવવા લોકોએ રાત્રે દીપોત્સવ કર્યો, અને અમાસને દિવસે પણ પૂર્ણિમાની શોભા આણી.

દીવાળી

ત્રીજે (અમાસને) દહાડે લક્ષ્મીપૂજન કરવામાં આવે છે. તેને વિષે એવી કથા છે કે જુના વખતમાં બળિ નામે એક મોટો વૈભવશાળી રાજા થઇ ગયો. તેણે પોતાની સંપત્તિ અને પરાક્રમને બળે દેવોને કારાગૃહમાં પુરી મુકયા, અને લક્ષ્મીને પણ તેના ભંડારમાં કેદ રહેવું પડયું. પણ એ બળિ રાજા મોટો દાનેશ્વરી હતો. માગનાર જે માગે તે બળિરાજા આપતો. આથી દેવો તથા લક્ષ્મીની મુક્તિને માટે શ્રીવિષ્ણુ વામન (બટુક) બ્રાહ્મણનું રૂપ લઇ બળિ પાસે ગયા અને ત્રણ ડગલાં જમીન માગી. બળિએ આપવા હા કહી; ત્યાં તો વિષ્ણુએ વિરાટ્ સ્વરૂપ ધારણ કરી ત્રણ ડગલાંમાં આખું વિશ્વ વ્યાપી દીધું. દેવો અને લક્ષ્મીની મુક્તિના આ દિવસે લોકોએ આનંદ પાળી ઉત્સવ કર્યો અને લક્ષ્મીનું પૂજન કર્યું.

ગુજરાતમાં અમાસને દિવસે ચોપડાપૂજન થાય છે તેમાં મહાકાળી, મહાલક્ષ્મી અને સરસ્વતીની પૂજા કરવામાં આવે છે. આ પૂજનમાં શાહીનો ખડીઓ તે મહાકાળી, રૂપીઓ તે મહાલક્ષ્મી અને ચોપડો એ મહાસરસ્વતી એમ મનાય છે.

નવું વરસ

દીવાળી પછી નવું વરસ બેસે છે અને નવું અનાજ ઘરમાં આવે છે. વેદકાળથી તે આજ સુધી આ નવાન્ન (નવા અન્ન)નો વિધિ બહુ શ્રદ્ધાપૂર્વક પાળવામાં આવે છે. મહારાષ્ટ્રમાં નવા વરસને દહાડે જમતાં પહેલાં એક કડવા ફળનો રસ ચાખવાનો રીવાજ છે. એનો હેતુ એ હશે કે કડવી મહેનત કર્યા વિના મીઠું અન્ન મળે નહિ. ગોવામાં દીવાળીને દહાડે પૌંઆનું મિષ્ટાન્ન કરે છે, અને જેટલા ઇષ્ટમિત્ર હોય તે બધાંને તે દહાડે નોતરે છે. એટલે દરેક જણે દરેક ઇષ્ટમિત્રને ઘેર જવું જ જોઇએ. દરેકને ત્યાં ફળાહાર રાખેલા હોય છે. તેમાંથી એક કકડો ચાખી માણસ બીજે ઘેર જાય.

સુગંધી પદાર્થ શરીરે ચોળી નહાવું, ઘરમાંથી પણ કચરોપુંજો ને ગંદકી કાઢી નાખી સુગંધી ધૂપ, દીપ ને પુષ્પપત્રથી સુન્દરતા એકઠી કરવી, જાતજાતના દીવાઓ હારબંધ ગોઠવી દીપાવલિની શોભા કરવી અને સગાંસંબંધી તથા મિત્રો સાથે મિષ્ટાન્નનું ભોજન કરવું તથા રમતગમત કરવી એ દીવાળીનો મુખ્ય ભાગ છે. વ્યવહારમાં કડવાશ આવી હોય, વેરવિખવાદ થયાં હોય, ગમે તે બની ગયું હોય, પણ દીવાળીને દિવસે બધું મનમાંથી કાઢી નાખી ફરી હેતપ્રીતના સંબંધ જોડવાના. રાગદ્વેષ, અદેખાઇ, અપમાન વગેરે સર્વ ભુલી જઇ બધા સાથે એકદિલ થઇ જવું અને આવી રીતે નિષ્પાપ થઇ નવા વર્ષમાં પ્રવેશ કરવો એ આપણો પ્રાચીન રીવાજ છે. વેપારી જેમ દીવાળી ઉપર કુલ લેણદેણ પતાવી લઇ નવા ચોપડામાં બાકી નથી ખેંચતા, તેમ દરેક જણ મનમાં કશાં વેરઝેર બાકી ન રાખે.

જે દહાડે વસ્તીમાંથી નરક (ગંદકી) નીકળી જાય, હૃદયમાંથી પાપ નીકળી જાય, રાતમાંથી અંધારું નીકળી જાય ને માથા પરથી કરજ દૂર થાય તે દિવસ કરતાં વધારે પવિત્ર દિવસ બીજો કયો હોઇ શકે?

[વાસરીને] દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર

છાયાચિત્રો



દીવાળી એ દીવાઓનો તહેવાર છે. આવના દીવાળીના દિવસોમાં કુટુંબીજનો, મિત્રો ને પાડોશીઓનાં મનરંજન કરી શકાય એવી દીવાની જ એક રમત આ નીચે આપીએ છીએ.

મૅજિક લૅન્ટર્ન કે સીનેમાનાં ચિત્રો એ દીવાની જ રમત છે. પણ બધે ઠેકાણે ને બધે વખતે એ બતાવવાનું બહુ અઘરૂં ને મોંઘું પડે છે.

પરંતુ છાયાચિત્રોની ગમ્મત તો બીલકુલ ખર્ચ વગરની અને ગમે ત્યાં થઇ શકે એવી છે. જરા અક્કલ ચલાવીને કામ લેનારો માણસ તો ચાહે તો તેમાંથી કમાણી પણ કરી શકે.

સાધનમાં એક સફેદ પડદો, દીવો, તે મુકવાનું ખોખું કે સ્ટુલ અને થોડા પુંઠાના કટકા જોઇએ.

બધી રમતગમતમાં થોડું ગુપ્તપણું રાખવાથી બીજાઓને બહુ આકર્ષણ અને મઝા પડે છે, એટલે તમારી ક્રિયાઓ ગુપ્ત રાખવા સારૂ, તમારો દીવો કે હાથ અથવાં બીજા સાધનો જોનારની નજરે ન પડે એટલા માટે, એક સફેદ પડદો તૈયાર કરવો. એકાદ ધોતીઉં કે સાફ ચાદર એક બારણાના ચોકઠા પર ચીરી ખીલીઓથી ખેંચીને ચોડી લેવાથી કામ સરશે.

પછી અંદરના ઓરડામાં દીવો એવી રીતે ગોઠવવો કે પેલો પડદો આખો પ્રકાશિત રહે. બની શકે તો પતરાનો એક ડબો લઈ તેમાં દીવો ગોઠવવો. આ ડબાને ઉપરથી ધુમાડો જવા માટે, મથાળે એક બાંકોરૂં પાડવું; નહિતર દીવો હોલવાઈ જશે. પછી ડબાના એક પડખામાં ચાર ઈંચના વ્યાસનું એક ગોળ કાણું પાડવું અને તેમાંથી પ્રકાશને પડદા ઉપર જવા દેવો. આમ કરવાથી. તમે ઉભા હશો એ આખા ઓરડામાં અંધારૂં રહેશે; પ્રકાશ પડતો હશે માત્ર ગોળાકાર રૂપે પડદા ઉપર. એટલે તમારૂ શરીર એ તેજના ગોળાની બહાર તમે છુપાવી શકશો.

ડબો ન મળે તો પછી બારણા આગળ જ ઉપરનીચે જાડાં લુગડાં, પાટીઆં, પુંઠાં કે એવી બીજી કંઈક ગોઠવણ કરી તેજનો ત્રણ ફુટનો સમચોરસ જ પડદા પર જોનારાને દેખાય એવી રીતે પડદાનો બાકીનો ભાગ બંધ કરવો.

પછી પડદાની બીજી બાજુના ઓરડામાં પ્રેક્ષકોને બેસાડી, આ બાજુથી તમે હાથના જુદાજુદા આકારો કરી દીવા આડ ધરશો એટલે તેના ચિત્રવિચિત્ર ઓળા પડદા ઉપર પડશે, અને એ જોઇને પાછલી બાજુના પ્રેક્ષકો ગમ્મત પામશે.

પડદા અને દીવા વચ્ચેનું અંતર તમારે પ્રયોગથી નક્કી કરી લેવું જોઇશે, કે કેટલા અંતરેથી તમારા હાથની છાયા ચોખ્ખા પડે છે.

આટલી તૈયારી બરોબર કર્યા પછી તમારા હાથની હીલચાલ, બીજા આકારોની મદદ અને તમારી વાચાળતા ઉપર જ ગમ્મતનો આધાર રહે છે. શોધક બુદ્ધિનો કુમાર જાતજાતનાં ચિત્રો અને અને આકારો સહેલાઇથી બનાવી શકશે. હાથી સુંઢ હલાવ્યાં કરે, બીલાડીની પુંછડી ચાલે, હંસ તરતો દેખાય, ગધેડા કાન ફફડાવે, એ બધું ખરેખર તે વખતે જોનારને ખુશ કરી દેશે.


આની સાથે જે ચિત્રો આપવામાં આવ્યાં છે તેનો મહાવરો કરી લીધા પછી બીજા નવા નવા ઓળા પણ સુઝી આવશે.

આકૃતિ ૧લીમાં હાથમાં હાથ કેવી રીતે ગોઠવ્યા છે તે જુઓ. અને પડદા ઉપર એક બાજુથી આટલું જ હાથીનું ચિત્ર બતાવો

આકૃતિ ૨ જી કુતરાનું ડોકું બતાવે છે. આ ચિત્ર પડદાપરનાં ચોરસમાં નીચેથી ઉંચું કરો. સાથે સાથે મોઢેથી કુતરાનું ઘુરકવું ને ભસવું અજમાવશો તો વળી વધુ ગમ્મત ઉપજશે.

આકૃતિ ૩ જી શિયાળની છે. નીચેની આંગળી ઉંચીનીચી કરવાથી મોં ઉઘાડવાસ થતું દેખાશે. એ વખતે કોઈ શિયાળીયાનો અવાજ કરી શકે.

આકૃતિ ૪થીનું જીરાફ કેવું છે? સામેથી બીજો માણસ એકાદ ઝાડની ડાળીની ઝાંખી પાડે અને જીરાફ, ડોક લંબાવી ખાવા જતું હોય એવો દેખાવ કરી શકાય.



પાંચમી આકૃતિમાં ઉડતું પંખી બનાવ્યું છે. જરા પાંખો હલાવતા રહેવું.


આકૃતિ ૬ઠ્ઠીનો બુલડૉગ (બુચીઓ) કુતરો બનાવી તેનું ભયંકર ભસવું કરી બતાવજો.

સાતમી આકૃતિમાં સસલું છે અને આઠમી આકૃતિમાં બીલાડીનું ચિત્ર છે. આમાં કપડું રાખીને આકાર મેળવી લેવો પડશે. ચિત્ર જોવાથી સ્પષ્ટ સમજાઇ જશે. કે બંને હાથ જેમ બને તેમ પાસે રાખવાની જરૂર છે. જમણા હાથની મુઠી આમ ફેરવવાથી બાજી આસપાસ ન... કરતી લાગશે. ...આ હાથની ટચલી આંગળી હલાવવાથી પુછડી હાલતી લાગશે. આ ચિત્રની અસર જોનારા ઉપર બહુ થશે. સાથે જરા મીઆંઉ મીઆંઉ કરતા રહેજો.

નવમી આકૃતિનો હંસ તેની ગરવી ડોકથી કેવો ભવ્ય લાગે છે! દસમી આકૃતિમાં બે હાથથી બે બગલાં સામસામાં ચાંચો ફાડતાં ને બંધ કરતાં બતાવજો.

૧૧મી આકૃતિમાં બીલાડી મેમસાબ બની છે એ તો જુઓ! વળી બારમી આકૃતિમાં લાંબા નાકવાળો સાહેબ મોઢું ઉઘાડવાસ કરશે. પુંઠાની બનાવેલી હોકલી તેના મોંમાં મુકવાથી ઓર ગમ્મત લાગશે. તેનું નાક પણ હાલશે.

હવે પછીની આકૃતિઓમાં બીજી ચીજોની મદદથી નવા આકારો કરવાના છે. પાઘડી, ટોપી વગેરે બતાવવા તેવી આકૃતિઓ ચિત્રમાં બતાવ્યા પ્રમાણે પુંઠામાંથી કાપીને પકડી રાખવાની છે. ૧૩-મી આકૃતિમાં તતુડું ફુંકનારો છે. ૧૪ મી અને ૧૫-મી આકૃતિમાં ડોસોડોસી ભાંજગડ કરે છે. સાથેસાથે



બે જણા સામસામા તેમની વતી કલ્પિત વાતચીત કરે તો હસાવી શકાય.

આ ચિત્રોમાં જેટલા સુધારા વધારા કરવા હોય તેટલા થઇ શકે. થોડા વિચાર અને તર્ક કરતા રહેવાથી ખેલ કરનારામાં ચપળતા અને કલ્પના આવશે. આવતા દીવાળીના દિવસોમાં મિત્રોને, મહેમાનોને કે ઘરનાં માણસોને આ આનંદ આપવાનું ચુકશો મા. ખેલ કરતાં અગાઉ એક વાર એટલા બધી રમતો કરી જોજો. ખેલ બતાવતી વખતે હાથમાંથી કંઈ પડી ન જાય તે સંભાળજો; નહિતો તમારો કસબ ખુલ્લો પડી જશે !

આટલી સુચના પછી તમે આ રમતનો આનંદ જરૂર લેશો. આવો ખેલ કરી રહો ત્યારે તમને આ રમત બતાવનાર તમારા મિત્ર ‘કુમાર’ (માસિક)ની ઓળખાણ જોન..ઓને કરા.ે.ા ને ?

જીવન-પરાગ

૧

અંબાશંકર સેનલવડ અમદાવાદની કૉર્ટના ન્યાયાધીશ હતા ત્યારે એક લક્ષાધિપતિ પારેખના કુટુંબમાં વારસાની તકરાર ઉઠી. ઇન્સાફની તુલાનો કાંટો મરડવાના ઇરાદાથી એક પક્ષકાર એક લાખ રૂપિયાની લાંચ તેમને આપવા આવ્યો. અંબાશંકરજીએ ગુસ્સે થઇ ના કહી ત્યારે પેલો આપનાર બોલ્યો, 'સાહેબ મારા જેવો એક લાખ રૂપિયા આપનાર ફરીથી નહિ મળે.'

શાંતિથી અંબાશંકર સેનલવડે જવાબ આપ્યો, 'તારા જેવો લાખ આપનાર તો કદાચ મળશે, પણ મારા જેવો ના કહેનાર તો નહિ જ મળે.'

૨

ગાંધીજી આફ્રિકામાં સત્યાગ્રહની લડત ચલાવી રહ્યા હતા તેવામાં અમુક માંડવાળ થવાની વાત ચાલતી હોવાથી તેઓ લડત છોડવા તત્પર થયા, અને તે કામે જ રસ્તે થઇને જતા હતા એવામાં એક મુસલમાને, ગાંધીજી ડરી જઇને સમાધાન કરવા માગે છે એમ જાણી તેમના પર હુમલો કર્યો. ગાંધીજીને સખ્ત ઇજા થઇ, પણ જ્યારે તે મુસલમાન પર ફરિયાદ માંડવાની વાત થઇ ત્યારે ગાંધીજીએ એ વાતની ના કહી ને કહ્યું, 'તેની ઉપર મને ગુસ્સો નથી; તેણે અણસમજથી આ કામ કર્યું છે. મારા શરીરમાંથી આજે જે લોહી વહ્યું છે તે હિંદુ અને મુસલમાનને જોડનાર વજ્રલેપ થશે, માટે હવે તે વિષયમાં કંઈ જ કરવાની જરૂર નથી.'

૩

રાજા રામમોહનરાય અનેક બાબતોમાં જેમ મહાન હતા તેમ ખાવામાં પણ જબરા હતા. એક દિવસ તેઓ હુગલીમાં પોતાના એક મિત્રને ત્યાં ગયા, અને નાળિયેરી પર નાળિયેર લટકતાં જોઇ તેમણે તે ખાવાની ઇચ્છા બતાવી. સાધારણ રીવાજ પ્રમાણે તેમના મિત્ર તેમને એક નાળિયેર લાવી આપ્યું. રામમોહને કહ્યું, 'એકે શું વળશે? વધારે લાવો.' મિત્ર એકપછી એક નાળિયેર લાવતો જ ગયો અને રામમોહન માગતા જ ગયા. એમ ઘરનાં બધાં જ નાળિયેર ખુટાડીને એ ઉઠ્યા!

૪

બંગાળાના ઉદ્દામ પક્ષના નેતા બ્રહ્મબાંધવ ઉપાધ્યાય સુરેન્દ્રનાથ બૅનરજી વિષે પોતાના પત્ર 'સંધ્યા'માં પોતાની આગ ઝરતી લેખિનીથી હમેશાં કડક ટીકાઓ કરતા. તે એક દહાડો એક સભાનું પ્રમુખસ્થાન સ્વીકારવાનું કહેવા માટે સુરેન્દ્રનાથ પાસે આવ્યા.

સુરેન્દ્રનાથ—બાબુજી, તમે હમેશાં તમારા પત્રમાં તો મને ભાંડો જ છો તો પછી શા માટે આજે મને પ્રમુખ તરીકે બોલાવવા આવ્યા છો?

બ્રહ્મબાંધવ—મહાશય, બંગાળામાં એવો બીજો કોણ છે કે અમારી સભાનું પ્રમુખસ્થાન લઈ શકે? અને એવો પણ બીજો કોણ છે કે જેના ઉપર ટીકા કરવાની અમે પરવા રાખીએ?

બૅનરજીએ સભાનું પ્રમુખપદ સ્વીકાર્યું એ કહેવાની જરૂર રહેતી નથી.

૫

અમદાવાદના એક શ્રીમંત વણિક ગૃહસ્થે ઘરભંગ થતાં વૃદ્ધાવસ્થામાં ફરીથી લગ્નસમારંભ આદર્યો. તે જમાનામાં વરને પીઠી ચોળવાની ક્રિયા ધામધુમથી થતી હતી. તેથી શેઠજીએ કવિ દલપતરામને પીઠીના પ્રસંગપર હાજર રહેવા આમંત્રણ મોકલ્યું. ચિઠ્ઠી વાંચી દલપતરામ અને તેમના મિત્રો ખુબ હસ્યા, અને પછી કવીશ્વરે એ આમંત્રણપત્રિકાની પછવાડે જ નીચે મુજબ જવાબ લખી મોકલ્યો:

'ચિઠ્ઠી વાંચી આપની, મીઠી લાગી મન;
પીઠી સુણી પીવા' તણી, ઠી ઠી હસિયા જન.'

૬

સર આઇઝૅક ન્યૂટનનાં ઘણાં વર્ષોની મહેનતનાં કાગળિયાં તેના કુતરા ડાયમંડે સગડીમાં નાખી દીધાં, ત્યારે એ મહાન પુરુષે અનુપમ આત્મનિગ્રહથી ફક્ત એટલો જ ઉદ્ગાર કાઢ્યો હતો કે 'ડાયમંડ!

ડાયમંડ! તને આછી જ ખબર છે કે તેં કેવડું નુકસાન કર્યું છે!' એવો જ પ્રસંગ ગોવર્ધનરામભાઇને માટે પણ કહેવાય છે. કલાકોની મહેનતથી તૈયાર કરેલાં કેસનાં કાગળિયાંની તેમની નાની પુત્રીએ પતંગ બનાવી; હરખમાં ને હરખમાં 'જુઓ, મોટા કાકા. મેં કેવી મજાની પતંગ કરી!' એમ કહી બતાવી; તે સમયે, પોતાની ગફલતને માટે બાળકને શિક્ષા કરવી એ તદ્દન અયોગ્ય ગણી, પોતાનો ક્રોધ શમાવ્યો; અને પતંગ જોઇ પોતે પણ ખુશ થયા હોય તેમ હસી, ધીમેથી શાંતપૂર્વક એટલી જ શીખામણ દીધી કે, 'જો, મારી ચોપડીઓને અડકાય નહિ હોં.'

૭

મણિલાલ નભુભાઇ બી. એ.ની પરીક્ષા આપી આવ્યા પછી એમના એક મિત્રે એમને પુછેલું 'તમે પાસ થાઓ તો તાર મુકું?' મણિલાલે જવાબ દીધો, 'હું પાસ તો થવાનો જ છું, પણ કલાસ લખી જણાવજો, ને અંગ્રેજીનું કે અર્થશાસ્ત્ર અને ઇતિહાસનું એક ઇનામ મને મળશે તે પણ જણાવજો.' પેલા મિત્રે પણ મણિલાલના કહ્યા પ્રમાણે જ કર્યું. પરીક્ષાનું પરિણામ જોવા જતાં ઘેરથી જ કાગળ લખી કલાસ અને ઇનામના નામની જગ્યા ખાલી રાખી લઇ ગયા. તેમાં પેન્સીલથી બીજો કલાસ તથા અર્થશાસ્ત્ર અને ઇતિહાસનું ઇનામ એમ લખી તેમણે કાગળ મોકલ્યો.

૮

નારાયણનું લગ્ન તે ૧૨ વર્ષનો હતો ત્યારે તેના બાપે નિરધાર્યું. મંગળાષ્ટક વખતે દરેક ચરણ પુરૂં થતાં ગોર બોલવા લાગ્યા, 'સાવધાન.' આમ વારંવાર 'સાવધાન' શબ્દ સાંભળી તીવ્ર બુદ્ધિનો નારાયણ એકદમ સાવધાન થયો, તેનો સ્વાભાવિક વૈરાગ્ય જાગૃત થયો અને તે લગ્નમંડપમાંથી મુઠીઓ વાળીને નાઠો. નારાયણ સાધુ થઇ ખુબ રખડયો અને અગાધ જ્ઞાન મેળવ્યું. આ નારાયણ તે શીવાજી મહારાજના ગુરુ અને મરાઠી ભાષાના મહાકવિ શ્રી સમર્થ રામદાસ સ્વામી.

૯

ભાવનગરના પ્રશ્નોરા કવિ જગન્નાથ સંસ્કૃત ભાષામાં શીઘ્ર કવિતા કરવા માટે પ્રખ્યાત હતા. તે સમયે પુનામાં પેશ્વાઇનું જોર હતુ, અને સંસ્કૃત વિદ્વાનોને ભારે આશ્રય મળતો. તેથી તે સંવત ૧૮૫૩. માં પૂના ગયા. ત્યા બાજીરાવ બાજીરાવ ગાદી પર હતો ને નાના ફડનવીસનો કારભાર હતો. ત્યાં જઇ કવિએ કહ્યું કે મને દેવની કૃપાથી એટલી હિંમત છે કે કોઇ સારો લખનાર મારી પાસે હોય ને હું કવિતા બનાવતો જાઉં, ને તે લખતો જાય તો લખનાર થાકે પણ હું કવિતા કરતાં અટકું નહિ. આ પ્રમાણેની શરત અમલમાં મુકવાની નાના ફડનવીસે ભર-કચેરીમાં તૈયારી કરી. ઘણીવાર રસાકસી ચાલી પણ લહિયો અને કવિ એમાંથી કોઇ હારે એમ લાગ્યું નહિ. એટલે કવિએ એક યુક્તિ લડાવી. તે એક એવો શ્લોક જેના પહેલા ચરણમાં ગાયોને હાંકવામાં 'ડચ્ ડચ્' અથવા ડચકારા ચુચકારા જેવો ઉચ્ચાર આવતો હતો. કવિરાજે તે શ્રીકૃષ્ણના વર્ણન સાથે આણ્યો. એ ડચકારો તે કેમ લખાય? એટલે પેલા લહિયાજી પણ શું લખે! તે તો તરત અટકયા, ત્યાં તો કવિએ ત્રણ પાદ પુરાં કર્યાં. વળી ઉપરના શ્લોકમાં અર્થ પણ એવો આવ્યો કે જાણે પ્રસંગની સમાપ્તિનું આશિર્વચન જ સરસ્વતીદેવીએ જીહ્વાગ્રે ચડીને અપાવ્યું હોય! આ પ્રમાણે કવિની જીત થવાથી નાના ફડનવીસે તેમને સારૂં ઇનામ આપ્યું.

[સંપાદિત] **નવલરામ ત્રિવેદી**

આપણો મલ્લુ વિલાયતી પત્રોમાં

'કુમાર'ના અષાડના અંકમાં આવેલી 'મગર સાથે બાથંબાથી' કરનાર મલ્લુના પરાક્રમની ખરી બનેલી વાત પર આપણા તો, 'નવયુગ' સિવાય કોઇ પણ પત્રનું ધ્યાન ખેંચાયું નથી. પરંતુ વિલાયતમાંથી નીકળતા 'ચિલ્ડ્રન્સ ન્યુસપેપર' (બાળ-સમાચારપત્ર)ના તંત્રીએ પોતાના ૨૬ મી સપ્ટેમ્બરના અંકમાં તેની નોંધ લઇને, મલ્લુએ મગરના મોંમાંથી છુટવા માટે અજમાવેલી યુક્તિનાં અને તેની બહાદુરીનાં વખાણ કર્યા છે. એ પત્રના તંત્રી મિ. આર્થર મી તેના ૧૨મી સપ્ટે. ના અંકમાં લખે છે કે 'અમને દુનિયાના દરેક ભાગના બાહદુરીના, પશુપ્રેમના વગેરે ખરા બનાવોની માહીતી લોકો મોકલે અને મદદ કરે. આવા નજીવા દેખાતા બનાવોની નોંધ લેવા બદલે 'મોટાં' કહેવાતાં પાત્રોને જગ્યા ન મળે, પણ અમારે તો આવા બનાવો પરથી જ દુનિયાને ઉચ્ચ ચારિત્ર્ય, મનુષ્યત્વ અને સંસ્કાર દર્શાવી આપવાં છે, એટલે અમે તો એવા સમાચાર જ છાપવાના.'

જ્ઞાનલીલા

જ્ઞાનલીલામાં ભાગ તો, ગ્રાહક કે બીનગ્રાહક ગમે તે વાંચનાર લઇ શકે; પણ ઈનામ તો ગ્રાહકને જ મળે. ખરા ઉત્તરો મોકલનાર બીનગ્રાહક વાંચનારનાં નામ પ્રગટ થશે.

શ્રાવણની જ્ઞાનલીલાના આવેલા અસંખ્ય ઉત્તરોમાંથી માત્ર ૩૪ જણના જવાબ પુરેપુરા સાચા છે. તેમનાં નામ આ નીચે આપ્યાં છે. તેમાંથી ગ્રાહકો હોય તેમણે પોતાનો ગ્રાહક નંબર તથા પોસ્ટેજ માટે અરધા આનાની ટિકિટ મોકલી ઇનામ મંગાવી લેવું.

કેટલાક ઉત્તરો તો ઘણા જ મોડા, ભાદરવાનો અંક બહાર પડી ગયા પછી આવેલા હતા. એ મુદત કરતાં મોડા આવેલા હોવાથી હરીફાઇમાં દાખલ નથી થઇ શક્યા. તેવી જ રીતે ભાદરવામાં પુછાએલા સવાલોના ઉત્તર દીવાળી સુધીમાં, અને આ અંકના પ્રશ્નોના ઉત્તર કારતકની પૂનમ સુધીમાં અમને મળશે તે જ મુદતસર ગણાશે.

જવાબ મોકલવા માટે ભાદરવાના અંકમાં અમે જે નિયમો આપ્યા હતા, તે વાંચ્યા છતાં પણ ઘણાએ પાળ્યા નથી. એવા ઉત્તરો તપાસવામાં જ નહિ આવે. મોકલનારની જાણ માટે એ નિયમો એકવાર ફરીથી આપીએ છીએ: (૧) ફુલસ્કેપ આડા પા કાગળમાં, હાંસિયો પાડીને, શાહીથી, ક્રમસર જવાબ લખવા. (૨) ઉત્તર સિવાય નકામું બીજું કશું ન લખવું. (૩) કાગળને ઉપલે જમણે ખુણે પોતાનું પુરૂં નામ તથા સરનામું લખવાં. (૪) જવાબ બંધ કવરમાં જ મોકલવા અને કવર ઉપર ઉપલે ડાબે ખુણે 'જ્ઞાનલીલાના ઉત્તરો' એમ લખવું.

શ્રાવણના પ્રશ્નોના ખરા જવાબ: **શબ્દ ફરવણી** - મફત, આફત, આદત, આદર, સુંદર. **સગપણ** - (૧) વહુ કે સાળી (૨) મામીજી-માણેજવાઇ (૩) ભાણેજની. **કોયડો**-માણસ. **ગણિત**૦ - ૧૧૯ રૂા. **ઓળખો**-આપ સમાન બળ નહિ. **શબ્દસાંકળી**-જકાત, કાતર, તરવાર, વારસ, રસના, સનાળી, નાળીએર. **સાચા જવાબ મોકલનારનાં નામ:** (૧) ચાંપસિંહ વિ. પાર - ઘાટકોપર (૨) એ. એસ. વીરાની - પોરબંદર (૩) પ્રભુભાઇ ખુશાલભાઇ - સાતેમ (૪) શાંતા વી. ચંદ - માટુંગા (૫) છનુભાઈ મણિશંકર - સુરત (૬) રમણલાલ ચુનીલાલ - કોચરબ (૭) જગુભાઇ ભુલાભાઈ -ગોપાત (૮) ચુનીલાલ પુંજીરામ - સરભોણ (૯) ત્રીકમલાલ નાગરદાસ - માણસા (૧૦) કાંતિલાલ જેઠાલાલ - રાણપુર (૧૧) ભવાનજી રવજી - મુંબઇ (૧૨) સનત્ કુમાર વીણુ - મુંબઇ (૧૩) કનકલાલ ઈશ્વરલાલ - નડિયાદ (૧૪) રમણલાલ પેથાભાઇ - ચીખલી (૧૫) જગજીવન વિઠ્ઠલભાઈ - સરભોણ (૧૬) ચ. લાલ [illegible] (૧૭) [illegible] - સરભોણ (૧૮) કાળીદાસ ભાઇચંદ - સાતારા રોડ (૧૯) જટાશંકર જગજીવન - કલકત્તા (૨૦) અબ્દુલકરીમ હુસેનભાઈ - કલકત્તા (૨૧) કલ્યાણજી મકનજી - કલકત્તા (૨૨) દીનાનાથ રામશંકર - અમદાવાદ (૨૩) શંકરભાઇ ભીખાભાઇ - ચાદલા (૨૪) રાજેન્દ્રલાલ વક્રરાજની - વઢવાણ (૨૫) છગનલાલ મોરારજી - ખેડોઇ (૨૬) કાંતિલાલ કસ્તુરચંદ અમદાવાદ (૨૭) અનતરાય મણિશંકર - આમરેલી (૨૮) ત્રિભોવન ગોવિંદજી-ધ્રાંગધ્રા (૨૯) વ્રજલાલ નારણજી જેતપુર (૩૦) તુલસિંહજી ડાભી - આણંદ (૩૧) નંદરામ દયાળજી - અમરેલી (૩૨) બાલુભાઇ હરિભાઇ - ભાવનગર (૩૩) જયંતિલાલ ભટ્ટ - સરભોણ (૩૪) મગનલાલ રતનચંદ - સમેરાલી.

નીચેના નવા પ્રશ્નોનું પરિણામ માગશરના અંકમાં પ્રગટ થશે. જવાબ કારતકની પુનમ સુધીમાં મળી જવા જોઈએ.

શોધી કાઢો

બે ફુદડીઓ વચ્ચેના નીચેના દરેક વાક્યમાં ગુજરાતના એકેક કવિનું નામ છુપાયું છે. * રંગ ગતી લુમાં ખરે બપોરે તે બાઇ રાજા પાસે દાદ માગવા ગઇ * સિંહાસન પાસે જઇ તે રાંક બાઇ રાજાને નમી * રાજાએ કહ્યું, 'ડરો નહિ; હું તમને ફરિયાદીને અદલ ન્યાય આપીશ' * પછી આરોપી તરફ જોઇ કહ્યું, 'યાદ રાખજો; તમારા તો હવે ભોગ જ મળવાના છે * આ સાંભળી તેનો આનંદ ઉડી ગયો; મોં પ્રેત જેવું થઇ ગયું અને થયું કે ધરતી માર્ગ દે તો સમાઇ જાઉં * મનમાં તે ગણગણ્યો, 'હે રામ! શું અદલ ન્યાયમાં મારી પત નહિ રહે? * પછી શરમના શેરડથી લાલ લાલ થતા મોંએ કાંઇક લખી તેણે રાજાના હાથમાં મુકયું. * અખુટ ધન મળવાની આશાએ રાજા લલચાયો * દામને ખાતર નરપતિ પોતાનાં ધર્મ-કર્મ ચુકયો હતો એમાં હવે શંકા રહી નહિ * એ ખરા અવાજે તેણે આરોપીના કાનમાં કહ્યું * 'ભાઈ, હું તારૂં પાલન કરીશ; પણ આ બાઇના રક્ષણનું શું? * એવામાં તો એકાએક મોરપીછાની કલના આકારવાળું રાજાનું સિંહાસન ડોલવા લાગ્યું * અચાનક આકાશવાણી થઇ કે 'હે રાજા, આજે સિંહનું બાળક તરણું કેમ ખાય છે?' (મ. અ. શાહ)

બીબાં ગોઠવનારને પાંચ કહેવતો ગોઠવવા આપી હતી; પણ તેણે બધાં બીબાં એવાં સેળભેળ કરી દીધાં કે હવે નીચેનાં દરેક વાકયમાં એકેક કહેવત ગુંચવાઈ ગઇ છે તે મળતી નથી; તમે શોધી કાઢશો? (૧) મોકયુંની ખાણ અવણ વતી વીંઢચે. (૨) કોયા:હેનો પીણુ છે રાંક? (૩) દામખુમદે દાંતે હર્ડી રમતો. (૪) આઘારમાળી પારા શાકીરા. (૫) કરાઇ ભારજોર બીક છે.

શી સગાઈ ?

(૧) એક સ્ત્રી એક છોકરાને નવડાવતી હતી; એવામાં તેની બહેનપણીએ આવી પુછયું, આ છોકરો કોણ છે ? સ્ત્રીએ જવાબ દીધો, 'આનો બાપ જેનો સસરો થાય તેનો બાપ મારો સસરો થાય.' તો એ સ્ત્રી ને છોકરો કોણ ?

(૨) એક માણસ પોતાને સાસરે જમવા ગયો. ત્યાં એક નવી પરણેલી સ્ત્રીએ તેને ન ઓળખવાથી પુછયું, 'તમે કોણ છો ?' માણસ તો એને ઓળખતો હતો. એટલે તેણે જવાબ દીધો, 'તમારો બાપ જેનો સસરો થાય, તેનો બાપ મારો સસરો થાય.' તો એ બંને શાં સગાં થયાં !

(૩) સ્ત્રી ને પુરુષ વાતો કરતાં હતાં એવામાં કોઇએ આવી સ્ત્રીને પુછયું, 'આ ભાઈ તમારે શા સગા થાય ?' સ્ત્રીએ જવાબ દીધો, 'એ પુરુષની સાસુ ને મારી સાસુ મા–દીકરી થાય. ત્યારે એ સ્ત્રીપુરુષ શાં સગાં થયાં !

શબ્દસાંકળી

(૧) હિંદુસ્તાનની નદી (૨) હિંદુસ્તાનનું જાત્રાનું ઠેકાણું (૩) સિંધનું ગામ (૪) શંકરાચાર્યનું ધામ (૫) ગુજરાતનું નાનું ગામડું—એ પાંચેના નામના શબ્દો અનુક્રમે એવા આવે છે કે દરેકના છેલ્લા બે અક્ષરોથી શરૂ થઈને પછીના શબ્દ બનતો જાય છે. તો તે કયાં ?

શબ્દચોરસ: ત્રણત્રણ અક્ષરની ખાવાની ત્રણ ચીજો એવી છે કે જેને અનુક્રમે એક બીજાની નીચે ગોઠવીએ તો ઉભી અને આડી બંને રીતે સરખી વંચાય છે. તેમાં પહેલી સુકા મેવાની, બીજી લીલા મેવાની ને ત્રીજી ચોખાની ચીજ છે. તો તે કઇ ? (હ. જે. જોષી)

ગણિતગમ્મત: એક માણસે પોતાના ત્રણ દીકરાને ઓછાંવત્તાં બોર આપ્યાં. એમાં સૌથી નાનાને બધા કરતાં ઓછાં આવવાથી તેણે ફરિયાદ કરી એટલે બાપે એ નાના છોકરા પાસે જેટલાં હતા તેટલેટલાં બીજા બંને ભાઈ પાસેથી અપાવ્યાં. આથી વચલાને સૌથી ઓછાં આવ્યાં અને તેણે ફરિયાદ કરી; એટલે વળી પાછા એજ રીતે તેની પાસે બોર હતાં તેટલાં દરેક પાસેથી બાપે તેને અપાવ્યા. આમ થવાથી મોટાને સૌથી ઓછાં રહ્યાં, ને તેણે ફરીયાદ કરી; એટલે તેનો ન્યાય પણ અગાઉની માફક ચુકવ્યો એટલે ત્રણેને સરખાં થઇ રહ્યાં. તો એ કઇ રીતે વહેંચાયાં તેની ચારે વિગતો આપો. (વેરાવળથી)

ગુ	લા	બ
ક	લા	પી

શબ્દફેરબદલી: બાજુએ બતાવેલા કોઠા મુજબ, દર વખતે એકેક અક્ષર ફેરવીને માત્ર ત્રણ ફેરફારમાં 'ગુલાબ'નો 'કલાપી' બનાવી દો.

ઓળખશો ? (૧) સૂર્યના પ્રકાશમાં શું ન દેખાય ? (૨) એવી કઇ ચીજ કે જે પાછળથી આવે અને પહેલી જાય ! (૩) જુદા જુદા ગમે તે રંગોનો એકસરખો રંગ કયા દેખાય ! (હિંમતલાલ મણિલાલ)



બે માસિકો

'ગુજરાતના યુવાનો ! ... ... નવયુગની પ્રસવવેદનાથી પીડિત જગતની નજર તમારા પર ઠરેલી છે. ભાવિ પ્રજાના ઇતિહાસનું આલેખન આજ તમારા હાથમાં છે. શાનથી આંકશો ? પ્રકાશે જ્વલ સુવર્ણાક્ષરોથી કે કલંકમય કૃષ્ણપંક્તિથી ? .. ... તમારા મહિમાવાન પૂર્વજો, તમારી રસસમૃદ્ધ જન્મભૂમિ, તમારો ગૌરવપૂર્ણ ભૂતકાળ, તમારો આશાભર્યો વર્તમાન અને તમારા હાથે આલેખાનારા ભવિષ્યકાળની તમને આણ છે. ગુજરાતી યુવકો ! જાગો—જગત તમારી વાટ જુએ છે. જાગો અથવા લય પામો.'

નવા યુગનું જે પ્રબળ મોજું વેગવતું વહ્યું આવે છે તેણે સાહિત્યપર કરેલી અસરના દૃષ્ટાંતરૂપ એક માસિકમાંથી ઉપરનું અવતરણ લીધું છે. એ માસિક તે અમદાવાદ (રીચારોડ નગરવાડા)માંથી શ્રી મંજુલાલ સાકરલાલ દેસાઇના તંત્રીપણા નીચે નીકળતું **મંથન.** એને 'જુવાનોનું માસિક' કહેવાતું સાંભળ્યું છે. અમને એ ઉચિત લાગ્યું છે.

બળવતી ભાવનાઓથી પ્રેરાએલા એના તંત્રીની કલમે હજી સુધી નીકળેલા એના ત્રણ અંકોમાં અનેક દિશામાં પોતાની શક્તિ બતાવી છે. લેખોમાં વિચાર અને વિદ્વત્તા બંને છે; અને અત્યારના માસિકોના ઉભરાતા જમાનામાં જે ભાગ્યે જ જોવામાં આવે છે તે પોતાની કાર્યદિશાનું જાગ્રત ભાન છે.

એક સૂચના કરીએ. કલાહીનતાના આ જમાનામાં જ્યારે કલાની બાબતમાં આપણે પરવશ હોઇએ ત્યારે શણગાર કરાવવાના મોહમાં પડવા કરતાં સાદાઇ વધુ પસંદ કરવા યોગ્ય છે. અને ધારીએ તો નરી સાદાઇમાં યે સૌન્દર્ય લાવી શકાય. 'મંથન'ના તંત્રી છપામણીની બાબતમાં આટલું ધ્યાનમાં લેશે ?

'કુમાર'ના કદનું અને સારા કાગળ વાપરતું ૪૮ પાનાંનું આ સાદું પણ સબળ અને પ્રેરક માસિક અઢી રૂપીઆમાં

લવાજમમાં જે ન મંગાવે તે ભુલે.

બાલકુમાર (હસ્તલિખિત માસિક)નો જન્માષ્ટમીનો અંક અમને જોવાને મળ્યો છે. ખરૂં કહીએ તો કરાંચીની રાષ્ટ્રીય શાળા (ભારત સરસ્વતી મંદિર)નું કુમાર મંડળ આ અંક મારફત અમને મળવા આવ્યું છે. ભાઇ પરમાનંદ પુરૂષોત્તમ અને મધુકર દોલતરાય એના તંત્રીઓ-પ્રકાશકો છે.

માસિકનું 'બાલકુમાર' નામ પાડનાર આ દોસ્તોએ 'કુમાર'નો સંબંધ સાચવ્યો છે. ખુબ ઉત્સાહ અને લાગણીના પૂર ઉગતી પ્રજામાં ઉછળી આવ્યાં છે તેનું સચોટ પ્રતિબિંબ આ અંકમાં અમને લાગ્યો છે. કરાંચીની રાષ્ટ્રીય શાળાની પ્રવૃત્તિ અને પ્રગતિ સુચવનારૂં આ માસિક ત્યાંના કાર્યકર્તાઓ અને વિદ્યાર્થીઓનો સંબંધ કેવો સ્નેહપૂર્ણ છે તે દર્શાવી આપે છે. બૃહદ્ ગુજરાતની ઉગતી પ્રજાની ભાવનાઓ ખીલતી જોઇ કોણ હર્ષ નહિ પામે !

શાળાના વિદ્યાર્થીઓ 'બાલકુમાર'માં પોતાનાં કળા, કૌશલ્ય અને કલ્પના ઠલવી રહ્યા છે તે જોવાનો પ્રસંગ મળ્યે એટલે તેમને કંઇક સુચના આપવાની સ્ફુરણા થાય છે.

માત્ર પ્રદર્શનની ખાતર તમારૂં માસિક તૈયાર ન કરો. તમારા ગમે તેવા લેખો બીજાઓ પાસે મુકતાં પહેલાં તેની યોગ્યતા વિષે તમે જ ખુબ વિચાર કરો. ચિત્ર કે લેખ અંતરની ઊર્મિથી સ્ફુરાય નહિ ત્યાં સુધી મનમાં જ રાખો: અથવા તમારી તૈયારી ખાનગી જ રાખો. માસિકમાં ચિત્રો અને સુશોભન મુકવામાં પારકાંનું અનુકરણ ન કરતાં તમારી પોતાની શક્તિ ને સ્થિતિ દર્શાવતાં ચિત્રો, આસપાસની સૃષ્ટિના પદાર્થો કે શણગારો બહુ સ્પષ્ટ અને સફાઇદાર રીતે રજુ કરો. સુંદર સ્વરની માફક રંગ પણ સ્વચ્છ અને વ્યવસ્થિતપણે બતાવો. પીછીના બે સાદા લીટા પણ સાફ અને વેગવતા પડો. અંકો 'દળદાર' અને 'અસંખ્ય ચિત્રોવાળા' કરતાં સાદા, આકર્ષક અને રોચક, જ્ઞાન અને આનંદમય ટુંકા લેખોવાળા કરવાનો યત્ન કરો.


'બાલકુમાર' સિવાય બીજા પણ હસ્તલિખિત માસિકો અમને જોવા મળ્યા કરે છે. અને આ સુચના એ સૌને એકસરખી લાગુ પડતી હોઇને અહીં બધાની જાણને માટે કરી છે.

નવી રોજનીશી

ચોખ્ખી છપાઇ અને ઉંચા કાગળવાળી સુંદર ડાયરી પુસ્તકો વરીકેની જે કીર્તિ કેટલાંક વરસો થયાં 'ત્રિપાઠી ડાયરી બુકો'એ મેળવી છે. તેમાં ભાગ પડાવે એવી 'ફીનિક્સ ડાયરી' બેએક વરસથી અમદાવાદના ફીનિક્સ પ્રિં. વર્કસે કાઢવા માંડી છે. સારા લખવાના કાગળ ઉપર સફાઇદાર છપાઈ અને સારા બાઇન્ડિંગવાળી જુદાજુદા ત્રણ કદની, ઉપયોગી માહીતીઓ સાથેની આ 'ફીનિક્સ ડાયરીઓ' અત્યારની ડાયરીઓમાં જુદી જ ભાત પાડે છે. પ્રમાણમાં કિંમત સોંઘી છે, અને વાંચનારને પુરો સંતોષ આપે એટલી સુંદર છે.

ડાયરી લખવી કે નોંધ રાખવી એ આપણા વિચારો—ભાવોનો ભંડાર છે, ભૂતકાળનાં સ્મરણો છે ને પ્રગતિનું માપ છે. ઉગતી પ્રજાને માટે તો ખાસ જરૂરની વસ્તુ છે. સંવત ૧૯૮૨ના ઉઘાડ સાથે કુમાર સમુદાય પણ રોજનીશી રાખે અને દિનરૂપી જીવનનાં કોરાં પાન ઉત્તમ ભાવોથી ભરી દે એ ઈષ્ટ છે.

આ વળી શું ?



આ ચિત્રવિચિત્ર શું છે તે સમજાય છે? ન સમજાતું હોય તો માસિકની ઉપલી કોર આંખ આગળ રાખીને નજર કરો એટલે પારખી શકશો.

સ્વીકાર

યોગતત્ત્વ અમેરિકન લેખક યોગી રામચરકના પુસ્તક પરથી અનુવાદક, નર્મદાશંકર બાલાશંકર પંડ્યા; પ્રકાશક, સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય અમદાવાદ. કિં. રૂા. ૧, પાકું પુંઠું રૂા. ૧I.

જીવનચર્યા અથવા સો વર્ષ જીવવાની કળા: લેખક અને પ્રકાશક, માવજી દામજી શાહ, મુંબાઇ. કિં. ૦-૪-૦

વીરપ્રસાદ વિદ્યાર્થીઓએ ભજવવા જેવું એક નાટક પ્રકાશક, ચંદ્રકાન્ત, કપડવણજ વિદ્યાર્થી મંડળ.


ધર્મપુત્ર સી. જીનરાજદાસના અંગ્રેજી પુસ્તક 'વન્ડર ચાઈલ્ડ'નો અનુવાદ: કરનાર પ્રાણજીવનદાસ ઓધવજી ઠક્કર, ભાવનગર. કીં. ૦-૪-૦

દેશાવરના ગ્રાહકો

જરા વેળાસર તૈયાર થજો. બે મહીના પછી 'કુમાર'નું ત્રીજું વરસ શરૂ થશે. તે પહેલાં તમારૂં લવાજમ અમને મળી ગયું હશે તો જ એ અંક તમને પોસ્ટ થશે. વી. પી. તો તમને કરી શકાતાં નથી; માટે અગાઉથી નાણાં મોકલવાં એ જ સલાહભર્યું છે. શરૂઆતના અંકો પાછળથી નથી મળતા, અને ઘણાને પછી પસ્તાવું પડે છે. તમે રખે ગફલતમાં રહેતા. મહીનો તો ટપાલની આવજા માટે જોઈએ. માટે નામ ચાલુ રખાવવા માટે તમને અને અમને બધી રીતે સરળ રસ્તો એ છે કે ૧૧ શિલિંગનો પોસ્ટલ ઑર્ડર મોકલો

બાળવિભાગ

વાત





છોકરાં રે ! સાંભળજો વાત,
આવી છે અજવાળી રાત:
રાતે તારા ટમકે છે.
વચમાં ચાંદો ચમકે છે:
ચાંદો ઉગ્યો ચોકમાં,
રાણી બેઠી ગોખમાં:
ગોખે તો સોનાનાં બોર.
માથે બેઠો બોલે મોર;
મોર કરે છે લીલાલ્હેર.
ટૌકા કરતો ચારે મેર:
મહેર કરી ત્યાં મેવલે.
પાણી આવ્યાં નેવલે:
નેવે બોલે કા કા કાગ.
કાકા લાવ્યા મીઠો ભાગ:
કાજુ બદામ ને રેવડી.
છોકરાંને બહુ મજા પડી !

ત્રિભુવન વ્યાસ

સંતાકુકડી

એક વેળા કેટલાંક બાળકો રમત રમવા ભેળાં થયાં. કઈ રમત રમવી તેનો સૌ વિચાર કરવા લાગ્યાં.

રમણ કહે, 'આંધળો પાડો રમીએ.'

કનક બોલ્યો, 'મગમાટલી.'

ચંપાએ ટોકો કર્યો, 'ના. સંતાકુકડી.'

સૌએ ચંપાની સૂચના વધાવી લીધી કારણકે ચંપા સહુમાંથી નાની હતી. પાસેના ઝાડને 'ડોશી' કરીને તેઓએ રમત શરૂ કરી.

પહેલાં રમણ સંતાયો. કનક કે ચંપા પોતાને શોધી કાઢે કે પકડી પાડે તે પહેલાં તો એ દોડીને એકદમ 'ડોશી'-ને અડકી ગયો. કારણકે રમણના પગ લાંબા સોટા જેવા હતા અને તે મોટી ફલંગો મારતો જતો.


હવે કનકનો વારો આવ્યો. ખજુરીઓનાં ઝાડ પાછળ લપાતો લપાતો તે આવતો હતો. તેવામાં રમણ અને ચંપાએ સામસામી બાજુએથી આવીને તેને પકડી પાડ્યો.

હવે ચંપા સંતાવા ગઈ. તેને ખબર હતી કે પોતે સૌથી નાની હતી અને વળી છોકરી હતી: એટલે છોકરાઓ તેને દોડવાનો પુષ્કળ વખત આપશે; પણ તેને પોતાની નબળાઈનો લાભ લેવો ન રુચ્યો. બીજાઓની દયા ઉપર જીવવાનો એનો જીવ ન ચાલ્યો. હવે એણે સંતાવાની એક સરસ જગ્યા શોધવાનો વિચાર કર્યો.

પણ વાત કહેવા કરતાં કરવી અઘરી છે. તેઓ એટલીબધી વાર 'સંતાકુકડી' રમ્યાં હતાં કે સંતાવાનાં બધાં ઠેકાણાંની સૌને જાણ હતી.

ક્યાં છુપાવું તેની ચિંતામાં ચંપા મુઝાવા લાગી. આમતેમ જોતાં તેને એક વિચાર સુઝ્યો. બીજો ખેડૂત પોતાનું ગાડું હાંકીને નજીકમાં ચાલ્યો જતો હતો. ચંપા તેની કને દોડી ગઈ. બીજો અહીંથી ઘણીવાર નીકળતો. ચંપા તેને ઘણી વહાલી લાગતી અને એ તેને ઘણી વાર બોલાવતો.

'બીજા, મને સંતાડીશ ? અમે



સંતાકુકડી રમીએ છીએ.' ચંપાએ કહ્યું.

બીખાએ ગાડું ઉભું રાખી માથું ખજવાળવા માંડ્યું. એને 'સંતાકુકડી'ની સાથે કાંઈ લાગતું-વળગતું નહોતું; પણ ચંપાને તે ચાહતો. બીખે કહ્યું, 'ચાલ, આવી જા.' ચંપા તો તરત ગાડાને હાંઠે નીચેના ભાગમાં લટકી રહી.

રમણ અને કનક આંખો પરથી હાથ લઇને ચંપાને શોધવા ચાલ્યા; પણ ક્યાંય ચંપા ન મળે. શું કરવું તેની સમજણ ન પડી. ગાડું તો ચાલ્યું જતું હતું. 'ડોશી' કનેથી ગાડું નીકળ્યું કે ચંપા નીચે કુદી પડી અને જોરથી બોલી ઊઠી.

કનક, રમણ, આવી જાઓ; હું આ રહી. છોકરીઓના પગ ભલે લાંબા ન હોય; પણ તેઓ છોકરાઓ જેટલી જ ચકોર હોય છે, હાં!

એટલું કહી તે ડોશીને અડવા દોડી ગઈ.

આ અંકનું મુખચિત્ર

ભારતસૌભાગ્ય

આ અંકના મુખચિત્ર 'ભારતસૌભાગ્ય'નું દર્શન, નીચેની સમજણ વાંચ્યા વિના તદ્દન અધુરૂં જ રહેશે. એ વાંચ્યા પછી ચિત્ર જોવાથી તેમાં વધારે દીપ્તિ જણાશે.

ભારતની કીર્તિ શા વિશાળ, જુગજુના ને ધૈર્યગંભીર વડના ઝાડ હેઠળ, આર્યજીવનના પ્રતીક (સંજ્ઞા) રૂપ ખીલતા કમળના આકારના, શુભ્ર આરસના સાદા આસન ઉપર, ચિત્રકારે માતાની મૂર્તિની સ્થાપના કરી છે, અને માતાનાં સર્વ સંતાનો તેને ચરણે પોતાની સેવા અર્પણ કરે છે એવો ભાવ ચિત્રમાં આણ્યો છે. પ્રભાતનો મનોહર સમય છે; વાતાવરણ શીતળ અને મધુરૂં છે; ઉષાનાં પગલાંથી રંગાએલા પૂર્વ આકાશમાં માતાનાં કીર્તિગાન ગાતાં પંખીઓ ઉડી રહ્યાં છે.

દુનિયાના બીજા દેશોમાં, પ્રમાણમાં, હિંદુસ્તાનમાં નદીઓની સંખ્યા વધારે છે. આ દેશની રસસમૃદ્ધિનું એને મુખ્ય અંગ ગણીને, ચિત્રકારે ડાબી બાજુએ નિર્મળ ને શાન્તગંભીર વહી રહેલી નદી ચીતરી છે. ઘેરી વૃક્ષઘટાઓ, નીલી વનરાજિ, અને હરિયાળી ટેકરીઓ ભારતલક્ષ્મીની વિપુલતા સૂચવે છે. માતાને ચરણે ઉપસ્થિત થએલાં, નિર્દોષ મૃગ, કલાધર મયૂર, વીરકેસરી સિંહ, અને આર્ય હૃદયનું સૂચન કરતું કમળ સુંઢમાં ધારેલો ગૌરવશીલ હાથી બતાવીને ચિત્રકારે ભારતસંતાનોની ગુણસમૃદ્ધિ બતાવી દીધી છે.

મૂળ નિર્માએલી ચાર વર્ણો એ આર્યસંસ્કૃતિનું ધબકતું હૃદય છે. જ્યાં સુધી તે અખંડ છે ત્યાં સુધી આ રાષ્ટ્રનું સૌભાગ્ય પણ અખંડ છે. બ્રાહ્મણને પોતાનાં તપ અને જ્ઞાન સહ, ક્ષત્રિયને પોતાનાં શૌર્ય અને ન્યાયપ્રિયતા સહિત, વૈશ્યને પોતાની સમૃદ્ધિ અને દાનવૃત્તિ સાથે, તથા શૂદ્રને પોતાની સેવા લઇને માતાને ચરણે નમ્રતા અને ભક્તિભાવથી આવેલા આપણે જોઇએ છીએ. ભારતમાતાનાં ચરણ આગળ ખેડુતે ધરેલી ફળ, ફુલ અને નવધાન્યના જવારાથી ઉભરાતી છાબ દ્વારા જેમ ચિત્રકાર ભૂમિની રસસમૃદ્ધિ બતાવે છે, તેમ ભારતના જીવતા ધન રૂપ કામદુગ્ધા ગાય, અને શિર પર ગોરસ-મટુકી ધારેલી મહિયારી બનાવીને ચિત્રકાર કહે છે કે ગોરસ એ ભારતનું જીવનાધાર છે.

ભારતની સૌભાગ્યલક્ષ્મી સમી ગૃહિણી ચીતરીને તો ચિત્રકારે આર્યસંસ્કૃતિનો મુખ્ય સ્તંભ સૂચવી દીધો છે. અને ભારતની સંસ્કૃતિના પ્રાણરૂપ ગૃહઉદ્યોગને પણ ચિત્રકાર ભુલ્યા નથી. રેંટિયો કાંતતી પ્રૌઢ વિધવા, અને હાથે વણેલું શુભ્ર વસ્ત્ર માતાને ધરતો વણકર બંને ચિત્રમાં છે. સાથીઆના મંગળચિહ્નથી અંકિત થએલી ખાદીને ભારતમાતા પ્રેમપૂર્વક ધરી રહ્યાં છે એ દૃશ્ય કેટલું અદ્ભુત છે! ભારતનું ઉજમાળું ને કલ્લોલમાલ કૌમાર સૂચવતી કુમારિકા ગૃહિણી આગળ ઉભેલી છે. શ્રદ્ધાભક્તિથી માતાને પ્રણમી રહેલું બાળક આપણા હૃદયને આર્દ્ર કરે છે. માતાને ડાબે જમણે એ પડખે હિંદુ મંદિર અને મુસલમાની મસ્જિદ મુકીને ચિત્રકારે સંકેત કરી દીધો છે કે માતાનાં એ પડખાંમાં લપાએલાં હિન્દુમુસલમાન બંને માડીજાયાં બાળકો છે.

ચિત્રની વિગતોના ભાવ આપણે સમજી લીધા. હવે એનું સમગ્ર દર્શન કરીએ. આખા ચિત્રનું વાતાવરણ કેટલું પ્રશાન્ત અને સૌમ્ય છે! રંગોની મિલાવટ જેટલી મધુરી અને સુંદર છે તેટલું જ ચિત્રનું બંધારણ સપ્રમાણ અને સુઘટિત છે.

ઉપર વર્ણવેલા બધા ભાવ સ્પષ્ટ બતાવવા માટે ચિત્રકારને વર્ણનાત્મક રીતે એ બધી વસ્તુઓ અંદર મુકવી તો પડી છે. છતાં એ બધાંને ખીચોખીચ મુકીને ગોટાળો ન કરી નાખતાં સૌને યોગ્ય સ્થાને એવી તો સુઘટિત રીતે ગોઠવી છે કે ભારતની સૌભાગ્યસમૃદ્ધિની વિપુલતા જેવું એ આખું ચિત્ર ભર્યુંભર્યું લાગે છે.

ઘરાક— તમારી પાસે કયા કયા સંહાર છે?

બુકસેલર— વેણીસંહાર, ઋતુસંહાર...

ઘરાક— ઉપસંહાર છે?

*

રમણ (ચીડાઇને)—તારા તોફાનને કંઇ હદ જ નથી; હું તે તને શું કહું?

શાન્તિ (શાન્તિથી)—કશું.



માધુકરી

ભરભર મારું ખપ્પર ભૈયા ! ઓ ભારતના વાસી !
ઘરઘર ભીખું હરનિશ ફરતી, હું જુગજુગની પ્યાસી
ખપ્પર ભરો ભરો હો !
અંજલિ નાખે, ખોબો નાખે, નાખે કો ભર પ્યાલી:
જુગ સુકું તળિયું દે શોષી, ખપ્પર તો રહે ખાલી
ખપ્પર ભરો ભરો હો !
જ્યોતિ જ્યોતિ જો ઘરઘર સળગ્યો, રોતી રોતી શું માગું ?
શિર કાપી ખપ્પરમાં નાખો કરો કાળજું આધુ
ખપ્પર ભરો ભરો હો !

—કવિ ખબરદાર

વીર વાલેરો

એક ગામમાં હાથીઓ, માણો અને વાલેરો એ નામના કાઠી કોમના ત્રણ ભાઇઓ રહેતા હતા. તેઓ નોકરી કે મજૂરી વગેરે કરીને પોતાનું ગુજરાન ચલાવતા હતા. એવી રીતે એક વરસે ચોમાસામાં એક ખેતરની ચોકી કરવા માટે માણો તથા એક કોળી રહ્યા. વાલેરો ખળામાં ચોકીદાર થયો, અને હાથીઓ છુટક મજૂરી કરતો.

કાપણીનો વખત ચાલતો હતો. ગામથી એક ગાઉ દૂર એક ખેતરમાં માણો તથા તેનો સાથીદાર કોળી બંને ચોકી કરતા હતા. રાતના દસેક વાગ્યા હશે. એવે વખતે દસ ચોરનું ટોળું ડુંડાં ચોરવા આવ્યું. બંને ચોકીદારોને ડુંડાંને ઢગલેથી નસાડવા ચોરે એ દૂરથી પથ્થરનો મારો ચલાવ્યો. અહીંથી ચોકીદારોએ પણ સામી ટક્કર ઝીલી. પણ થોડીવારમાં કોળી બીકનો માર્યો નાસી ગયો. લણીને ભેગાં કરેલાં ડુંડાંના ઢગલા પાસે આ ધીંગાણું જામ્યું હતું. કોળીને નાસી ગએલો જાણી ચોરો જોર પર આવ્યા. જ્યાં સુધી અમુક જ દિશા તરફથી ઘા આવતા હતા ત્યાં સુધી તો માણો ઘણીવાર ડુંડાના ઢગલાનો કિલ્લારૂપે ઉપયોગ કરતો. પરંતુ જ્યારે ચારે દિશામાંથી ઘા આવવા લાગ્યા ત્યારે માણાએ અમુક ચોરો તરફ આંધળી દોટ દીધી, અને એકાદ ચોરને ડાંગ મારીને સુવડાવી દીધો. એટલામાં તો તેની ઉપર લાકડીઓનો વરસાદ વરસ્યો અને તે પડી ગયો.

પડતાં પડતાં તેણે ' એ...વાલેરા ધોડજે ' કરીને કારમી ચીસ પાડી. પણ વાલેરો તેનો સાદ સાંભળે એટલો નજીક ન હતો. તે તો તેનાથી એક ગાઉ દૂર ગામની બાજુના ખળામાં હતો. પણ તેની આ ચીસ સોળ વર્ષના હાથીઓએ સાંભળી તે માણાને મારે વાળુ લઇને તેના તરફ આવતો હતો. અને અત્યારે તે માણા અને વાલેરાની અધવચ્ચે હતો. આ ચીસ તેના સાંભળવામાં આવતાં જ ' વાલેરા દોડજે, માણાને મારી નાખે છે ' એવી કીકીઆરી કરતો તે માણા પાસે દોડતો જઇ પહોંચ્યો. દૂરથી જુએ તો માણો લોથપોથ પડ્યો છે અને બે ચોરો તેનું ધ્યાન રાખતા બેઠા છે. બાકીના બધા ડુંડાંના ગાંસડા બાંધી રહ્યા છે. હજી તો તે પહોંચ્યો ન પહોંચ્યો એટલામાં તો બધા ચોરો ગાંસડા ઉપાડીને રવાના થઈ ગયા.

અજવાળી દૂજ જેવી રાત હતી. વાને વેગે વછુંટેલો વાલેરો આંખના પલકારામાં આવી પહોંચ્યો. બધી હકીકત જાણી. હાથીઆને માણાનું શરીર સંભાળવા રોકી પોતે ત્રાડ મારી ચોરોની પછવાડે પડ્યો.

દોડીને તેણે ચોરોને પકડી પાડ્યા. જેનો ભેટો થાય તેને મહાકાય વાલેરો એક જ ડાંગથી લાંબા કરી તેના જ ફેંટાથી હાથપગ કસકસાવીને બાંધી દઇ, તેને પડતો મુકી, બીજા પછવાડે દોડે. આમ તેણે દસેય ચોરોને બાંધ્યા. એકને બાંધતા વાર લાગે તેટલીવાર બીજા ચોરો તેની ઉપર હુમલો કરવાનું સાહસ ન કરી શકતા !

બંધનક્રિયા પુરી થઇ. છેલ્લા ચોરના હાથ બાંધેલા તેને આગલા ચોર આગળ લઇ ગયો. અને એને આગલા ચોર સાથે બાંધી એ જોડકાને ત્રીજા ચોર પાસે લઇ ગયો. આમ સ્ટેશન કરતી અને ડબ્બા વધારતી આ ગાડી ખેતરમાં પહોંચી ગઇ. ત્યાં તો રાતના બાર વાગી ગયા હતા.

આ બાજુ વાલેરાના જવાને લીધે ખળાં નિર્જન પડ્યાં.

ખેડુતો વાળુ કરી આવીને જુએ તો ચોકીદાર ન મળે. સૌને ફાળ પડી કે ચોકીદાર વાલેરાને ચોરો બાંધીને લઇ ગયા હશે. પણ એટલામાં તો આખા બાંધેલા ટોળાને ખેડુતોની સામે ધરીને વાલેરાએ સહુને રામરામ કર્યા. બધાની અજાયબી અને હર્ષનો પાર રહ્યો નહિ.

બહારવટિયા રામવાળાને આ વાલેરો આશ્રય આપે છે અથવા તો તેની સાથે ગુપ્ત રીતે ફરે છે એવો જુનાગઢ સરકારને શક પડતાં તેને એ તહોમત કબુલ કરાવવા સારૂ અમાનુષી માર માર્યો. પણ બીચારો માને ક્યાંથી ? આટલા મારમાં તેનું શરીર ટક્યું અને ગુન્હો સાબીત ન થયો તેથી તેના ઉપર ખુશ થઇને જુનાગઢ સરકારે તેને ગીરનો નાકાદાર નીમ્યો ! નાકાદાર એટલે ગીરના અમુક ભાગનો અમલદાર. ગયે વરસે વાલેરો મરણ પામ્યો. [મધપુડામાથી]

કટકનું ચામડાંનું કારખાનું

કટકમાં એક સુપ્રસિદ્ધ ચામડાનું કારખાનું છે. જ્વલંત દેશદાઝવાળા બાબુ મધુસુદન દાસ નામના એક બંગાળી ગૃહસ્થે તે સ્થાપેલું છે. તેમાં બધા હિંદુસ્તાનના જ કારીગરો કામ કરે છે; અને તે ટૅનરી (ચામડાં કેળવવાના કારખાના) માં એટલું સરસ કામ થાય છે કે અહીંથી ઇંગ્લંડ, સ્વિટ્ઝર્લંડ, બેલ્જિયમ વગેરે દૂરદૂરના દેશોમાંથી જોડા મંગાવવામાં આવે છે.

આ કારખાનાની ઉત્પત્તિ બહુ જાણવા જેવી છે. મધુસૂદન બાબુ તો વકીલ છે. આજે એમની ઉમર ૭૮ વરસની છે. ત્રીસ વરસ ઉપર જ્યારે પોતાની પાસે પૈસા થવા લાગ્યા ત્યારે તે ધનનો સદ્‌વ્યય કોઇ રાષ્ટ્રીય ઉદ્યોગમા કરવો એવો એમણે નિશ્ચય કર્યો. લગભગ પચાસ વરસની ઉમરે એ ચામડું કેળવવાનો ધંધો શીખ્યા. પછી વિલાયત ગયા; ત્યાં અનેક કારખાનાં જોયાં; જર્મની ગયા ત્યાં પણ એનો અભ્યાસ કર્યો; અને પછી અહીં આવી પોતાનું બધું ધન એ ધંધાની ખીલવટ પાછળ નાખવા લાગ્યા. મધુસૂદન બાબુ કહે છે કે ' બહુબહુ ધંધાઓનો વિચાર મેં કરી જોયો, અને આખરે જોયું કે આખી દુનિયાના ખપને માટે જેટલાં ચામડાં જોઇએ તેનો અરધા જેટલો ભાગ એકલા હિંદુસ્તાનમાં થાય છે. માટે જો એ ધંધો હાથ કરી ખીલવવામાં આવે તો પશ્ચિમની સાથે આપણે સફળ સ્પર્ધા કરી શકીએ અને પશ્ચિમ પાસેથી આપણે પૈસો પણ લાવી શકીએ. આ વિચાર કરી મેં આ ધંધો ઉપાડયો.'

પ્રથમ આ કારખાનામાં અંગ્રેજ કારીગરો હતા. પણ તેમણે પાછળથી બહુ પગારો માગવાને લીધે તેમને રજા આપી. આજે પોણોસો ઉપર જે માણસો કામ કરે છે તે સૌ હિંદીઓ જ છે.

ચામડું આવે કે તરત તેને ચુનામાં નાખવામાં આવે



બાબુ મધુસૂદન દાસ

છે. પછી જુદાંજુદાં રસાયનોમાં ત્રણ મહીના બોળી રાખી તેને મુલાયમ કરવામાં આવે છે અને પછી અનેક સંચાઓવડે તે કેળવાય છે.

મધુસૂદન બાબુ પોતે એ ધંધામાં એટલા પાવરધા છે કે પોતે જોડા પણ બનાવી શકે છે અને માણસોને કામમાં કાંઇ મુશ્કેલી પડે છે ત્યારે તેમની પાસે જ દોડતા જાય છે.

આ કારખાનાની ખાસ વિશિષ્ટતા એ છે કે અહીં કસાઇને ત્યાંનું ચામડું કદિ લેવામાં નથી આવતું. ગોરક્ષાની નજરે આ કેટલું આદરણીય છે ! આપણે ત્યાં દુધ ન આપતી ગાયો અને નકામા ગણાએલા બળદો કસાઇને ત્યાં વેચાય છે, તે જો આપણી પાસે કોઈ રાષ્ટ્રીય ટૅનરી હોય તો તે જ લઈ લે, તેને જીવે ત્યાં સુધી પાળે અને પછી ચામડાનો ઉપયોગ કરે. મધુસૂદન બાબુના કારખાનામાં પણ પશુઓમાં તો મુએલાં જ ઢોરનાં ચામડાં લેવાય છે એમ એમનું કહેવું છે. મારેલાંમાં અથવા શીકાર કરેલાંમાં મગર, હરણ, સાબર, વાઘ વગેરેનાં ચામડાં ત્યાં લેવાય છે. એક વિભાગમાં જોડા વગેરે પણ બનાવાય છે. (નવજીવન)

કારમા સુનકાર વચ્ચે

કૅપ્ટન ઍમંડસનનું વહાણ 'મૉડ' ઈ. સ. ૧૯૨૨ના ઉનાળામાં ઉત્તર ધ્રુવની શોધખોળ માટે ઉપડયું હતું. હિમના તોફાનમાં એ માઇલોના માઇલ દૂર ઠંડા પ્રદેશમાં ઘસડાઇ





ઉત્તરધ્રુવના પ્રદેશનો નકશો અને તે પ્રદેશમાં જીવ સટોસટનાં સાહસ ખેડી શોધખોળ કરવા જનાર કૅપ્ટન એમંડસન જેની આખી વાત 'કુમાર'ના અષાડના અંકમાં આવી ગઇ છે.

ગયું હતું. આજ ત્રણ વરસ પછી બરફ તૂટ્યો વહાણ ગરમ પ્રદેશ તરફ ચાલ્યું, અને મૉડ એ હિમપ્રદેશ પરથી ક્ષેમ-કુશળ 'નોમ' નામના બંદરે ગયા ઑગસ્ટમાં પહોંચ્યું છે.

એ ત્રણ વરસના ગાળામાં વહાણની અંદરના છ માણસો અને કુતરાઓના એક ટોળાને ઘણું વેઠવું પડ્યું હતું. ક્યારેક એટલા જોરથી બરફ પડતો કે વહાણ ભાંગુંભાંગું થતું. કેટલીક વાર વહાણ અને દરિયાના પાણી વચ્ચે વીસ ફુટ બરફ જામી જતો; ઘણીવાર ધોળાં રીંછ આવીને હુમલો કરતાં.

આવા ભય વચ્ચે પણ વહાણના ખલાસીઓ હિંમત ન હાર્યા. આ કુદરતની જેલમાં તેઓને જે નવરાશ મળી તેનો તેમણે સદુપયોગ કર્યો. તેમણે ધ્રુવપ્રદેશનાં પશુપક્ષી-વનસ્પતિ વગેરેનો અભ્યાસ શરૂ કર્યો અને હાથે લખીને એક છાપું કાઢ્યું.

દરરોજ તેઓને પોતાનું ભરણપોષણ કરવાનું હતું. માણસ-જાતનું કે કુટુંબીજનોનું કે પોતાના ગામનું તેમને મોં સરખું જોવાનું નહોતું. વળી બરફ વરસતો ત્યારે ખાસ કરીને તેઓ-ને વહાણનું અને પોતાનું રક્ષણ કરવા આકાશપાતાળ એક કરવા વગર છુટકો નહોતો.

ભવિષ્યમાં કે'દહાડે છુટકારો થશે તેનો ખ્યાલ પણ ન કરાય એવા કારમા અને સુનકાર સમયે તેઓ આવી અદ્ભુત હિંમત ને ધીરજ ધરી શક્યા અને પોતાના જીવનનો આનંદ અને ઉપયોગ બહેલાવ્યા કર્યો.

પ્રભુ હમેશ એવા હિંમતવાન અને ધૈર્યશીલ પુરુષોનો બેલી થયા વગર રહેતો નથી, એનો આ નાનોસુનો દાખલો નથી. એ બહાદુર મરજીવાઓને આપણા ધન્યવાદ છે.

હઝરત ગોસ

અબ્દુલ કાદર જીલાની-હઝરત ગોસ-એ મુસલમાનોમાં એક મોટા સંત પુરુષ થઇ ગયા. તેમને વીશેની બે વાતો જાણવા જેવી છે. તેમનો એક પાડોશી હતો તે દરરોજ નમાઝ વખતે ખુબ વાજાં વગાડે, અવાજ કરે ને શોરબકોર મચાવે. હઝરત સાહેબના મુરીદો (શિષ્યો) ચીડાય અને અનેકવાર ફરિયાદ કરે. હઝરત સાહેબ હમેશાં કહે, 'આપણે શા સારૂ એના પર ધ્યાન આપીએ? આપણે નમાઝમાં ચિત્ત રાખીએ કે એના શોરબકોર પર ધ્યાન આપીએ?' આમ દરરોજ શોરગુલ થતો હતો અને હઝરત સાહેબ ખામોશી રાખતા હતા. એક દહાડો શોરબકોર ન સંભળાયો. હઝરત સા-હેબે પુછ્યું, 'આજે કેમ પેલાનો કંઇ અવાજ ન સંભળાયો?' મુરીદોએ કહ્યું, 'એના ઉપર અદાલતમાં કેસ ચાલે છે.' આ સાંભળી તરત જ હઝરત સાહેબ નીકળી પડ્યા. હાકેમની પાસે ગયા અને માગણી કરી કે 'આ માણસ મારો પાડોશી છે, અને મારે એની લાજ રાખવી જોઇએ. જો એણે એવો ગુન્હો કર્યો હોય કે માફ કરવાથી બીજાને નુકસાન ન થાય તો તો એને સજા કરો; પણ જો એવો ગુન્હો કર્યો હોય કે જેને માટે દંડ લઇને એને છોડી શકાતો હોય તો એને છોડી દેવાની મહેરબાની કરો. દંડના પૈસા હું મારે ત્યાંથી આપી દઇશ.' હાકેમે પેલાને છોડી દીધો. પેલો માણસ ઉપકારના બોજા તળે કચરાઇ ગયો. તેને પોતાના કામ માટે શરમ આવી.

અબદુલ કાદર જ્યારે બાળક હતા ત્યારે એકવાર મુસા-ફરીએ નીકળતાં તેમને તેમની માએ થોડી અશરફીઓ આપી હતી. બાળક એટલે અશરફીઓને ડગલીમાં શીવીને આપી હતી, અને સાથે શીખામણ આપી હતી કે ગમે તે થઇ જાય, આસમાન જમીન એક થઈ જાય, પણ બેટા, સાચું જ બોલજે; કદી જુઠું બોલીશ નહિ. રસ્તામાં લુટારા મળ્યા. જે કાફલાની સાથે એ આવેલા તેમાંથી એક-એક માણસ લઇલઇને લુટારાઓ લુટવા મંડયા. છેવટે અબ્દુલ કાદરનો વારો આવ્યો. લુટારાઓએ તેને પુછ્યું કે 'તારી પાસે શું છે?' એમણે ડગલીમાં શીવેલી અશરફીઓ બતાવી. ડાકુઓ આથી ચકિત થયા અને તેમને છોડી મુક્યા. પણ તેના એ સાચની અસર ડાકુઓ પર એટલી બધી થઈ કે બીજાને પણ તેમણે લુટ પાછી આપી દીધી. (નવજીવન)

—ગુજરાત કલાપ્રદર્શન જે સુરતમાં ભરાવાનું હતું તે હમણાં થોડી મુદત માટે મુલતવી રહ્યું છે.

—આવતી તા. ૭-૮ તથા ૯મી નવેમ્બરના ત્રણ દિવસોમાં ભાવનગરના શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિરમાં મૉન્ટેસોરી સંમેલન ભરાવાનું છે.